૫૩૭



# મફુલીત

## યાને નીલેશમાતે બહાર

એક અતી રશીલી વારતા એવારતામાં બીજી નાહની બે વારતા છે જેમાંની એક ચાનક આપનારીછે અને બીજીરમુજીછે. કી. રૂ૦।।.




**ઓદાબક્ષ માસિક ચોપાન્યુ.**

**લવાજમ વરશી રૂ ૦।।।, પોસ્ટ મફત.**

લવાજમ લીધા વના નામ નોધીશું નહિ.

પ્રગટ કરનાર એમ. જે. પોસ્ટવાલા—સુરત.

જાહેરખબરનો ભાવ ૧ લીટીનો ૦)— હેન્ડબીલ વેહેંચાઈ રૂ.૧)

# મધુલિત

યાને

# તીલેસમાતી બહાર

(એક ચાલુ વાર્તા.)

લખનાર—ફરામજી મનચેરજી ગઝદર.

ચંદ્રાબાદ નામે શહેરમાં એક ચંદ્રસેન નામે રાજા આગલા વખતમાં રાજ્ય કરતો હતો. આ શહેર એવું તો રળીઆમણું હતું કે તેનું વર્ણન કદી થઈ શકે નહી. પણ રાજા ઘણોજ અધર્મી અને લોભી હોવાને લીધે એની મોટી વય છતાં તેને એક પણ સતાન પ્રાપ્ત થયું નહોતું. પોતાને કોઈ પણ સંતાન ન હોવાને લીધે રોજ ઉદાસીમાં અને ઉદાસીમાં નબળો થતો હતો; આથી એક દીવસે વજીરે ચંદ્રસેન રાજાને પુછ્યું કે, "આપ દીનપર દીન નબળા થતા જાઓછો અને તમારો ચહેરો ફીકો પડી ગયેલો જોઇ મારા મનમાં મોટો ખેદ થાયછે, માટે આપ નામદારને હું નમન કરી કહુંછું કે, જે આપ નામદારના મનની ઇચ્છા હોય તે મને કહો; કારણકે આપનો દાસ તે ઇચ્છા પુરી પાડવાને શકિતવાન થશે.'

"હવે મારી લગભગ વૃદ્ધ અવસ્થા થઇ છે" રાજાએ દલગીર ચેહેરે પોતાના મનની ખરી હકીકત કહેવા માંડી, "પણ મને પુત્ર કે પુત્રી કાંઇ પણ સંતાન નથી. એ વાતનો મને અત્યંત ખેદ ઉત્પન્ન થાયછે."

વજીરે કહ્યું, "નામદાર સાહેબ એમાં તે શી મોટી વાત છે! આપણા રાજ્ય જોશીઓને બોલાવી પુછી જોવાથી એ વાતની ખબર તુરત પડશે."

રાજાનો હુકમ થતાંજ તુરત જોશીઓને બોલાવવામાં આવ્યા, અને થોડીવારમાં જોશીઓ, "શાંતિપ, શાંતિપ, શાંતિ-પના" આશીર્વાદ સાથે દરબારમાં દાખલ થયા.

"ભુદેવ, આ આસનપર બિરાજો." એમ કહી રાજાએ તેઓને બેસવાની જગ્યા દેખાડી અને પોતાના મનની ઇચ્છા જણાવી.

જોશીઓ બોલ્યા "રાજા સાહેબ, તમારા રાજ્યમાં બરો-બર સાચો ન્યાય આપવો. લાભ કે લાંચ કોઇ કરે નહી, સાધુ સંત તથા અપંગોને દાન દેવું અને સદાવ્રતનું કામ ચાલુ રાખવું; કારણકે આ પ્રમાણે ધર્મ કર્યાથી, તમારા મનની ઇચ્છા પાર પડશે."

રાજાએ જોશીઓને પુષ્કળ દ્રવ્ય દાન આપી વીદાય કીધા; અને તેઓના કહેવા પ્રમાણેજ રાજા પછીથી વર્તવા લાગ્યો.

આ બનાવને આસરે ત્રણ મહીના ગયા પછી રાજા કચેરીમાં બેઠા હતા તે વખતે એક દાસીએ ત્યાં આગળ આવી કહ્યું કે આપ રાજા સાહેબને એક ખુશ વધાઇ કહેવા ઇચ્છું છું.

"ખુશીથી કહે." રાજાએ સાંભળવાની ઇચ્છા જણાવી.

"મારાં બાઇ સાહેબને હમેલ રહ્યા છે એ વાતનીજ વધાઇ લાવી છું."

"વજીર" રાજાએ દાસી તરફ આંગળી કરી બતાવી કહ્યું "આ દાસીને થોડીક સોનાની મોહોરો તથા ઉંચો જરીના પોશાક આપવાને કોષાધિપતીને હુકમ કરો."

નવ મહિના પૂરા થયાકે રાણીએ એક મહા તેજસ્વી ચંદ્રના રૂપ જેવો શીતળ પુત્રનો જન્મ આપ્યો. આ વખતે આખા શેહેરમાં ખુશાલીનો તો પારજ રહ્યો નહી. તે પુત્રનું નામ તથા જન્મ ચરીત્ર પૂછવા માટે જોશીઓને બોલાવવામાં આવ્યા, જેઓએ જન્માક્ષર જોઈ કહ્યું કે એ પ્રતાપી પુત્રનું નામ રૂપસીંહ પાડવું. ભવિષ્ય એવું માલમ પડે છે કે, એના ઉપર દુઃખ તેમજ સુખ પણ પડશે, અને કેટલાંક લોકોનાં દુઃખ ટાળશે. મણીપુરના રાજા ચન્દ્રસેનની પુત્રી રૂપમણી સાથે એનો હસ્ત મેલાપ થશે, અને મોટો નૃપ એ કેહવાશે. અને બીજા ઘણાખરા રાજાઓ એને ખંડણી ભરશે.

રાજા આ વાત સાંભળી ખુશી તેમજ દલગીર પણ થયો, કારણકે ચંદ્રસેન એનો દુશ્મન હતો.

"શું હું એની પુત્રી જોડે મારા પુત્રનાં લગ્ન કરૂં?" જોશીઓને મોંહે પોતાનાં કુંવરનું ભવિષ્ય સાંભળી રાજા મનમાં બોલ્યો "નહી, નહી! એતો કદી બને નહી! એ દુશ્મનનું નામ સાંભળું છું કે મારી છાતીમાં તીર વાગે છે."

કાળ વ્યતીત થતો ગયો, અને કુંવર પણ દીન દીને ચતુર તેમજ હુશીઆર થવા માંડ્યો. [illegible] હતા જ્યારે દેવ ઇચ્છાએ કુંવરની પાંચ વરસની વયે એની મા (રાજાની રાણી) મરણ પામી.

દીવસે દીવસે રાજા રાણીના ગમમાં બહુજ લેવાતો ગયો તેથી વજીરે રાજાને બીજી રાણી પરણાવવા ઘણું સમજાવ્યું; પણ રાજાએ તો સાફ નાજ પાડી આખરે વજીરનું કહેવું માન્ય કરી બીજી વખત લગ્ન કર્યું. પણ લોક કેહતી મુજબ સાવકી માતાના અમલમાં તેના સુખી દીવસો બદલાઈ ગયા. આ નવી રાણી રૂપસીંહ ઉપર પ્યાર રાખતી નહોતી; કારણકે રૂપસીંહ તેણીનો સગો છોકરો નહતો, તેથી જેમ બને તેમ જુલમ ગુજારવાને પ્રયત્ન કરતી. રાજાને આ

રાણી સાથે અત્યંત પ્યાર જાન્યો હતો; અને તાણી જે કહેતી તે કરવાને રાજા ચુકતો નહી.

રૂપસીંઠ જ્યારે વરસ સાતની વયનો થયો ત્યારે તેને નિશાળમાં વિધ્યાકળા શું છે તે જોવા મુકયો. આ સઘલું તે ચઉદ વરસની ઉમરે પુંગપુરી વિધ્યા શિખ્યો એટલુંજ નહી પણ દરેક હુનરો શિખ્યો.

ચદ્રસેનની નવી રાણી એક પઠાણ સાથે પ્યારમાં પડી હતી, એ વાતની આજ લગણ કોઈને ખબર નહોતી. હવે એવો બનાવ બન્યો કે રાજા એક સમે શિકારે ગયા હતા તે વખતે આ પઠાણ સારી તક જોઈ મહેલમાં દાખલ થયો, અને રાણી સાથે એશઆરામ ભોગવવા લાગ્યો; તેજ સમે રૂપસીંહનું ત્યાં આગળ આવવું થયું. અને આ નિચ માણસ સાથે પોતાની સાવકી માને પ્યારમાં પડેલી જોઈ ઘણાજ ક્રોધાવેશમાં શમશીર લેવા દોડયો. શમશીર હસ્ત કરી પાછો મહેલના દ્વાર પાસે આવ્યો અને ઘણાક હલકા શબ્દોથી પોતાની સાવકી માને કહ્યું કે "તને ધિક્કારછે, અધમ વિષય આશક્ત, આ તું શું કરેછે? આ કુકર્મ કરતાં તને જરા પણ ભય નથી? અરે, શું મારા પીતાશ્રીને આ વાતની ખબર નહી. હશે? નહી! કદી નહી! જો ખબર હોત તો બંનેને ક્યારનાએ યમદ્વારમાં પહોંચાડયાં હોત. અરે દુષ્ટ! અરે ચંડાલ! અરે નીચ પાપી!" એમ બોલી શમશીર મ્યાનમાંથી કાઢી દોડયો, પણ રાણીએ તુરત બીજા ઓરડામાં જઈ બારણાં બંધ કીધા. આ નીચ પઠાણ પણ રાણીની સાથે દોડી ગયો. અને રાણીએ તેને બાજે રસ્તેથી છુપી રીતે નસાડી મેલ્યો.

રૂપસીંહ ત્યાં આગળજ તરવાર સહિત પોતાના બાપ ચદ્રસેનની રાહ જોતો ઉભો. હવે રાણીએ ઓરડામાં પોતાને હાથે શરીર ઉપર કેટલાક જખમો કીધા, અને મોટેથી બુમો

પાડી રોવા લાગી; એટલામાં રાજા શિકારેથી આવી પહોંચ્યા, અને બુમ સાંભળતાંજ રાજા તે તરફ આવી પહોંચ્યા. રૂપસીંહને પોતાના હાથમાં તરવાર સહીત ઉભેલો જોઈ પુછ્યુ, "બેટા; શું છે? અહીં શા કારણસર ઉભો છે?"

"બસ, બસ. પીતાજી;" રૂપસીંહ ગુસ્સાની ઢપથી બોલ્યો, "હવે એ ધિરજ મારાથી સહેવાતી નથી"

"કહી ધીરજ?" ચંદ્રસેને ખરી હકીકત જાણવા ઉતાવલ કીધી, "આજ તું આકુળ વ્યાકુળ થઇ અનુની સ્વભાવથી ખુનખાર થઇ કેમ ઉભોછે, તે મને જલદી કહે?"

"પીતાજી આ ઓરડનાં દ્વાર ઉઘાડી જુઓ કે માંહે કોણ છે?"

રાજાએ કમાડ ઠોકયાં પણ રાણીએ ઉઘાડવા ના કહી કહ્યું કે "આ કમાડ ઉઘાડવાની નથી, તમારા પુત્રે તરવાર વડે મારા ઉપર કેટલાક જખમી ઘા કીધાછે તેથી આ ઓરડામાં સતાઇ જઈ મેં મારો બચાવ કીધો છે. જુઓ, હજી એ તરવાર લઈને ઉભો છે."

રાજાનો હુકમ થતાંજ કમાડ ઉઘડયાં પણ તે વખતે ઓરડામાં રાણી શીવાય બીજું કોઈ માલમ પડયું નહિ.

"અરે દુષ્ટ!" રૂપસીંહ તે ઓરડામાં રાણી સીવાય કોઇને નહિં જોઈ ગભરાયો, "અરે પાપી! તે કયાં ગયો?"

રાજા આ સાંભળી વિસ્મય થયો કે આ શું બોલેછે અને પુછ્યું "કોણ? કોણ કયાં ગયો?"

"અરે પીતાજી, આ મારી માને એક નીચ માણસ સાથે સોબત કરતાં જોઈ તેથી હુ તે કમબખ્તને ઠાર કરવાના નિશ્ચયથી તરવાર સહિત દોડયો; પણ એને જલદીથી આ ઓરડામાં ભરાઇ કમાડ બંધ કીધાં. અને કોણ જાણે તે નીચ કયાં ગયો?"

"રાજાજી" રાણીએ પોતાનું પાપ પકડાયલું જાણી

વાત ફેરવી, "આ તમારા પુત્રે તદન મારા ઉપર કલંક મુકયું છે. અને એને જે વાત તમને કહી, તેથી ઉલટી પોતાના ઉપરજ છે. હુ આ ઓરડામાં સુતી હતી તે વખતે એ પોતાના દુસ્ટ ઇરાદાથી મારી આગળ આવ્યો અને મને ખુબ સમજાવી ફુસલાવાની વાત કીધી, અને મારા ઉપર એકાંત જુલમ ગુજારવાને કહેતો હતો, પણ મેં ના પાડવાથી એને ગુસ્સે થઇ મારા ઉપર આવું કલંક જોડી તમને જુઠ સમજાવ્યુ. ખરેખરી બીનાતો મેં જે તમને કહી તેજ છે. અને જો તમો એને આ ભારી ગુનાહની શિક્ષા નહી કરશો તો હું આપઘાત કરી મરણ પામીશ." એમ કહી જુઠા ઢોંગ કીધા.

આ વાતથી રાજા, રૂપસીંહ ઉપર ક્રોધવમાન થઇ બોલ્યો, "અગરજો આ મારો એકનો એક પુત્ર છે તોપણ શું? ઇન્સાફની રાહે મારે એને ગરદન મારવો જોઇએ."

તરતજ વજીરને બોલાવ્યો અને હુકમ કીધો કે જલ્લાદને બોલાવી આ મારા નીચ પુત્રને એક ઉજાડ જંગલમાં લઇ જઇ કતલ કરવા ફરમાવ.

વજીર મહા ચતુર હોવાથી રાજાને ધીરજ દઇ જલ્લાદનો બોલાવી રૂપસીંહને તને હવાલે કરી કહ્યું કે 'આને રાજા સાહેબના હુકમ પ્રમાણે જંગલમાં લઇ જઇ કતલ કર."

જલ્લાદ હુકમ માથે ચડાવી રૂપસીંહને લઇ ગયો. વજીર પોતાને ઘેર ગયો., અને એક ઘોડાપર સ્વાર થઇ થોડીક સોના મોહરો સહીત રૂપસીંહના બચાવ માટે તાકીદે ગયો. રસ્તામાં જલ્લાદ મળ્યો તેથી તેને બોલાવી કહ્યું. લે આ સોના મોહરો, અને તું આ રૂપસીંહને જીવતો છોડી દે.

"જલ્લાદ, તું વજીરના કહેવા મુજબ કરીશ નહી," રૂપસીંહે પોતાના પીતાનો હુકમ બજા લાવવા આગ્રહ કીધો. "મારા પીતાની આગ્ના મુજબ આ તારી પ્યારી તરવારને

લોહીથી તૃપ્ત કર. વીલંબ નહી કર. જેમ બને તેમ જલદીથી કાર કર."

"અરે" જલ્લાદે રૂપગીહના રૂપ ગુણપર મુર્છીત થઈ કહ્યું "તું જેવા ખુબસુરત અને ચતુર બાળક ઉપર વગરે અપરાધે હાથ ઉઠાવતાં મારૂં હૈયું કમકમે છે. માટે લે આ હાથમાંની તરવાર. એ તને આ ઉજ્જડ જંગલમા જબરો સાથી થઈ પડશે. હવે તાંરાથી જ્યાં જવાય ત્યાં જા."

"કુંવર, સાબાસકે તારી છાતીને!" વજીરે કુંવરની હીમતની વખાણુ કરી, "હું એમ સમજું છું કે તારા પીતાની મતી ક્ષિણ થઈ છે. આવા વગર તકસીરે ઘાતકી હુકમ કરતાં શું તેને કાંઈ પણ દયા નહી આવી? ખરે! તેને કાંઈ પણ વીચાર કીધો નથી."

"મારા દાનાવજીર," રૂપસીંહે વજીરનો ઉપકાર માનતાં કહ્યું, "આ વખતે તમેં મારી જીંદગી બચાવી મોટો ઉપકાર કીધો છે, પણ તે સાથે એક વધારે તસ્દી આપું છું તે એકે, આ ચીઠી તમારી પાસે રાખજો, અને રાજા જ્યારે મને યાદ કરી પશ્ચાતાપ કરે ત્યારે તેમને વંચાવજો," એમ બોલી ગજવામાંથી એક કાગળ કાહડી આપ્યું જે લઈ વજીર ચાલતો ગયો. પેલા કાગળમાં નીચેમુજબ લખ્યું હતું:

"હે મારા મિત્ર વાંચનારાઓ આથી તમને માલમ પડશે કે સાચને આંચ નથી, આ જમાનામાં જુઠા બોલો વારંવાર ફાવી જાયછે. સાચું તે જુઠું થાયછે. અને જુઠું તે સાચુ થાયછે. માટે જુઠ ન બોલતાં હમેશાં સાચુ બોલવું; કારણ કે સાચાનો બદલો કોઈ વખત પણ મળી આવેછે. અંતે સત્ય જય છે."

રૂપસીંહ તે એકાંત જંગલમાં આખો દીવસ ચાલ્યો અને થાક લાગવાથી એક મોટાં ઝાડ હેઠલ બેઠો. અને અત્યંત હૈયું ભરાઈ આવ્યાથી રડતાં રડતાં પોતાની હાલતપર અફસોસ કરતો ગાયન ગાનછે.

ગાયન.

( ચંદ્રેનાગ ફુની ગંદે તલાવમેં ) એ રાહ.

શહ દિશાઓ શુન્ય મજબ્યાં છે મારાં પુન્ય
શુ નશીબ! શું નશીબ! શું નશીબ? શું નશીબ!
હાય! હાય! હાય! હાય!
બીઆબાનમાં આ વાર, કોને લહું હું આધાર,
સાવકીએ કર્યો જોર, મુજને નંસાડયો બહાર.
દીનને માર્યો તેં માર, આવો કાર કરે નાર,
મુજપર દુઃખ ભાર, દીનને હવે તું તાર.
માતુ ગઇ, સુખ લઇ, દશા થઇ, નથી ભાઇ,
લાગે લાઇ, જંગલમાંઇ, કરું કાંઇ.
હાય ! હાય ! હાય ! હાય !

"અરે રૂપસીહ! તેં કોઈ દીવસ તાપ વેઠયો નથી' રડતાં રડતાં પોતાના કારી જખમથી રીબાઇ રૂપસીંહ નીસાસા મુકેછે "જંગલ જેવું નથી. અરે ઇશ્વર! હું આ બીઆબાનની અંદર મારા દીવસ કેવી રીતે ગુજારીશ! હાય! હાય! કેવા સુંદર મહેલમાં મજાહ કરતો ! શું મારી સગી મા હોત તો આવું બનત? નહી! નહી! કદી નહી! અફસોસ! તે નીચ નારે મારા ઉપર ખોટો આરોપ મેલી મને આવા દુઃખમાં ગરક કીધો! હાય ! હાય! હવે મારૂં શું થશે? હે જગદીશ્વર! હવે તારા શિવાય મને આ દુઃખમાથી મુકત કરનાર આ જંગલમાં કોઈ નથી!! અહો! મારા પીતાને પણ કાંઇ દયા નહી આવી? હવે આ દુઃખ વેઠવા કરતાં મરવું ઉત્તમ છે." આ શબ્દો બોલી પોતાના હાથમાંની તરવાર વડે પોતે આપઘાત કરવા જતો હતો, એવામાં એક ગેબી અવાજનો પુકાર તેના કાને પડયો.

**આથન—શું એ મજનું હોગા દીવાના—એ રાહ.**

શું આ કૃત્ય કરે છે તું આવું,
ધર તું ધીર દુઃખી નહીં થાવુ.
જાગ્રત રાત્રીનું આજે તેં કરવું,
બીજા દુઃખીઓનું દુઃખ હરવુ,
શમશીર તારી છે આ અતી શુરી,
કરશે તારી આશાઓ તે પુરી.

આ અવાજથી ભયભીત થઈ આજુબાજુ જોવા લાગ્યો, અને શાંત થયો. જે ઝાડ હેઠળ પોતે બેઠો હતો તે વૃક્ષ ઉપરની પોલાણમાં ગરૂડ પક્ષીનો માળો હતો. અને તે ગરૂડ પક્ષીનાં બચ્ચાંઓનો ભક્ષ કરવાને એક મણીધર નાગ તેજ રાત્રીએ જોશમાં ફુંફાડા મારતો પોતાના ખોરાક માટે ઝાડ તરફ ધસ્યો આવતો હતો. રૂપસીંહ ત્યાંજ હતો તેથી પોતે વિચાર્યું કે સામેથી એક નાગ મારા ઉપર હુમલો કરવા આવે છે, અને ખચીત એ મારો પ્રાણ લેશે; એવું વિચારી તરવાર સહિત તેની સામે જઈ લાગ્યો. નાગ તેને આવતો જોઈ તેના ઉપર ધસ્યો. રૂપસીંહે હિમત પકડી તરવારની મદદથી તેને ઠાર કર્યો. આ બનાવ ગરૂડ પક્ષીનાં બચ્ચાંઓએ માળા ઉપરથી જોયો.

સહવાર પડતાંજ ગરૂડ પક્ષી રૂપસીંહને ઝાડ હેઠળ બેઠેલો જોઈ તેના ઉપર હુમલો કરવાને આવ્યું. આ બનાવ જોઈ તે પક્ષીનાં બચ્ચાં એકદમ માળામાંથી બહાર નીકળી આવ્યાં અને ઈશ્વરી કુદરતથી તરતજ તે બચ્ચાંઓને વાચા થઈને બોલ્યાં કે "આ સખસથી આજ રાત્રીએ હમો સહીસલામત બચ્યાં છીએ," એમ બોલી તે નાગના કટકા દેખાડયા. ગરૂડ

પક્ષીને પણ વાચા આવી તેથી બોલ્યું કે "તું શુ મુરાદ ચાહે છે?"

"માત્ર એટલુંજ ચાહુંછું કે આ જંગલ સહીસલામત રીતે પસાર કરૂં." રૂપસીંહે કહ્યું.

ગરૂડ પક્ષી--આ માણીશ્વર નાગના મસ્તકમાં મણી છે તે કહાડ. એ તને ઘણોજ ઉપયોગી થઇ પડશે; અને તારી સાથે આ મારૂં એક બચ્ચું આપુંછું તે તું આ જંગલ પસાર કર ત્યાં સુધી તારી સાથે રહી તને છાંયો કરશે.

રૂપસીંહ માણી લઇ આગળ ચાલ્યો, અને આ જંગલમાં બે દીવસ ચાલ્યા બાદ એક વાવ તેની નજરે પડી. પોતાને તરસ લાગવાથી તેમાં પાણી પીવાને ગયો. માણી પોતાની પાસે હતો તેથી જેમ જેમ આગળ ચાલતો તેમ તેમ પાણી તેને રસ્તો આપતું હતુ. ચાલતાં એક ગુફા લમમ પડી તે પણ પસાર કરી ગયો એટલે એક સુદર મહેલ તેની નજરે પડયો. રૂપસીંહ ઘણોજ પ્રફુલિત થઇ તે મહેલ તરફ ચાલ્યો, અને મહેલમાં દાખલ થયો. તેવામાં એક સુંદર મહા તેજસ્વી સ્રીને સોનાના હીંચકા ઉપર બેઠેલી જોઇ. આ સ્રી એક પારકા પુરૂષને અંદર ધસી આવતો જોઇ બોલી:--

**આશ્ચર્ય**—હુમ દમ આવો રે--રાહ

કયાંથી પધાર્યા રે, કયાંથી પધાર્યા રે,
રસ્તો વીકટ છે આ તો ભારી—ટેક.

પીતા મારો છે ઝેરી માણ,
જીવ મારો ધડકે છે તે તો જાણ.

ક્ષત્રી વીર ધરી ધીર, લાગોછો શુરવીર,
માણીશ્વર પીતા મુજ, કયાંથી આવ્યો ધસી તુંજ.

નાગ કુળ કાઢે મુળ, ન્હાસી જા અહીંથી દુર,
હમણા આવશે ધુળ બોહતો પીડીત ક્રુર.

રૂપસીંહ—શું મણીધર નાગ તારો પીતા થાય? અરે તેને તો મેં આ દુઃખી દુન્યામાંથી છુટો કરી હંમેસની સુખી દુન્યામાં મોકલ્યો છે. પણ એ નાગ તારો બાપ કેમ થયો તે મને કહે?

તરતજ તેણી પોતાના પીતાનું મ્રત્યુ સાંભળી બેહોશ થઈ જમીન ઉપર પડી. ત્યાર બાદ થોડા વખત પછી શુદ્ધિમાં આવી રૂપસીહને તે કોણ છે તે વિષે પુછ્યું.

રૂપસીહે પોતાનો સઘળો દુખદાયક હેવાલ કહયો અને છેવટે બોલ્યો કે અરે પ્યારી હુ આ મણીની મદદથી એ વાવમાં આવી પહોંચ્યો પણ આગળ ચાલતાં આ મહેલ નજરે પડયો. તેથી વીસામો લેવાના ઈરાદાથી હુ અંદર દાખલ થયો.

મણી જોઇ તેણીની પુરેપુરી ખાતરી થઇ કે નાગને એનેજ માર્યો હશે. જે ઉપરથી તેણીએ પોતાનું વૃતાંત જાહેર કરવા માંડયું.

અરે પ્યારા રૂપસીહ, સાંભળ! મણીપુરના રાજા ચંદ્રપ્રબોધની હું કુંવરી રૂક્ષમણી છું. મને શિકારનો શોખ હોવાને લીધે હું એક દિવસ શિકાર કરવાને ગઇ. જયાં મેં એક વાઘને એક હરણ પાછળ જોશમાં બરાડા મારતો દોડતો જતો જોયો. મેં પણ હિમત રાખી મારા ઘોડાને તેની પાછળ એવા ઇરાદાથી દોડાવ્યો કે હરણનો પ્રાણ બચાવી વાઘને તીર વડે મારૂં. પણ મારા ઘોડાના દોડવાનો અવાજ સાંભળી એકદમ મારી સામે તે વાઘ ધસી આવ્યો કે મેં તરતજ મારો તીર ફેકયો, પણ તેના બે પગ વચ્ચેથી પસાર થઇ ગયો. વાઘ લગભગ મારી નજદીક આવી પહોંચ્યો કે હું એકદમ ઘોડા ઉપરથી નીચે કુદી પડી. મારો ઘોડો ખુબ જોસમાં પોતાનો પ્રાણ બચાવવાને દોડયો. વાઘ તેની છેક લગોલગ જઈ પોંહચ્યો કે મેં સમયસુચકતા વાપરી મારો તીર બરોબર તેના મસ્તકમાં તાકીને માર્યો જેથી તે જમીન દોસ્ત થઇ

પડયો. હું, ઘોડો, અને હરણ સહીસલામત રીતે બચ્યાં; પણ મારે ઘેર જવાનો રસ્તો મને માલમ પડયો નહીં તેથી ઇશ્વરનું ધ્યાન કરી હું આગળ ચાલવા લાગી. સામેથી એક બુઢા બ્રાહ્મણને મેં આવતાં જોયો. તરતજ હું તેની આગળ મારો રસ્તો પુછવા ગઇ. તે બ્રાહ્મણે મને પોતાની પાછળ આવવાને કહ્યું. ચાલતાં ચાલતાં જે વાવમાંથી તમો આવ્યા તે વાવ આગળ મને લઇ આવ્યો, અને મારી આંખો જરાવાર બંધ કરવાને કહ્યું. મેં આંખ બંધ કરી તરતજ પાછી ઉઘાડી, પણ વાવ કાંઇ જોવામાં આવી નહીં. અને આ સુંદર મહેલ જોવામાં આવ્યો અને તે બ્રાહ્મણ બોલ્યો કે આજથી તું મારી છોકરી ને હું તારો બાપ. તુ સુખેથી આ મહેલમાં મજાહ કર; પણ સાંભળ. હું કાંઇ બ્રાહ્મણ નથી, હું તો એક નાગછું; માત્ર બ્રાહ્મણનુ રૂપ ધારણ કરી તને આ મારા જંગલમાં જોઇ ખુશી થઇ તને લેવાને આવ્યો હતો. આ જંગલનો રાજા હુંછું. મારૂં નામ મણીધર નાગ છે. એમ બોલી તેને નાગનું રૂપ ધારણ કીધું.

લગભગ બે વરસ હું આ મહેલમાં રહી એટલે આજે તું ને નાગને મારીને આવ્યો. પણ ધન્ય છે તારાં માત પીતાને, અને તું શુરવીરને શાબાસી ઘટે છે કે આ જંગલમાં કોઇ પણ આવ્યુ નથી અને તેં આવી મને એકાંત વાસમાંથી છોડવી. ખરે તું કેવો છે તે આ તારી મનમોહન સુરતી કહી આપે છે કે હીંમતમાં પુરો, લડવામાં શુરો, અને હીકમતમાં હીરો. અરે ! હું તારી અત્યંત આભારી થઇ છુ, તેથી તું જે કહેશ તે કરવાને મારૂં મન પાછું નહીં પડશે. હવે હુ તારી થઇ ચુકીછું.

(તેણીના શરીર તરફ ધસીને બોલે છે)

રૂપસીંહ—ખુસી થાઉં પ્યારી આનંદપ્યારા,
છેડો રહયો ના હર્ષનો મારા.

રૂક્ષમણી—લાગોછો વા'લા મનથી પ્યારા,
કોટ તણા હાર રૂકુના તારા.
રૂપસીંહ—સાહ્ય થયા છો અંતરજામી,
રૂક્ષમણી—ઇચ્છા પુરી મા'રી દુઃખડાં વામી,
રૂપસીંહ—કન્યા મળી હુતી લહેર જામી.
મળી લાડીલી.
રૂક્ષમણી—હું તું માં ઘેલી.
રૂપસીંહ—રંગભરી.
રૂક્ષમણી—ને મધુરી
સુરજ જેવી સુરત ફેરી.
રૂપસીંહ—ઘડે ના એવી ઉપમાં દેવી.
રૂક્ષમણી—શું સમજાવો
રૂપસીંહ—સારા છે ભાવો—ખુશી.

રૂપસીંહ—પ્યારી તારી વાત સમજી હું ઘણોજ ખુશી થયો છું, કારણ કે તમો સ્ત્રી જાતે પણ કેટલી બહાદુરી કરીછે.

રૂક્ષમણી—એ તે શું બહાદુરી? બહાદુરી તો જડીએ કીધી તેજ ખરી.

રૂપસીંહ—પ્યારી! કઈ જડી? અને એવું તો શું તેને બહાદુરીનું કામ કીધુ કે તું તેના બહુજ વખાણ કરેછે.

રૂક્ષમણી—પ્યારા લગાર ધ્યાન ધરીને સાંભળો તો તે સાંભળવા જેવીજ છે.

રૂક્ષમણી વાર્તા સરૂ કરે છે.

કોસંબી નગરીમાં મોતીશાહ નામે એક નગરશેઠ રહેતો હતો. તે એક યાકુબ નામે સોદાગરની સાથે ભાગમાં વેપાર કરતો હતો. તેઓ પોતાનો માલ દેશોદેશ લઈ જઈ વેચતા હતા. તેથી તેઓ ઘણાજ માતબર થયા હતા. મોતીશાહની એક ખુબસુરત જુવાન જડી નામે છોકરી હતી. યાકુબ સોદાગરને

મુસ્તફા નામે એક છોકરો હતો. આ છોકરો મોટો થયો ત્યારે પોતાના બાપની સાથે દેશાદેશ વેપાર અર્થે જવા લાગ્યો. મોતીશાહને ત્યાં મુસ્તફાનો ઘણો આવજાવ થતો હતો તેથી તેની છોકરી જડી ઉપર તે આશક પડયો હતો. મુસ્તફા પુખ્ત ઉમરનો થયો હતો તેથી તેના બાપ યાકુબને હરવખ્ત શાહાદી કરવા માટે કહેતો હતો. યાકુબ સોદાગર પણ એજ ગોઠવણમાં હતો. થોડો વખત પોતે વિચારમાં બેઠો હતો તેવામાં એક કાસદ આવી તેને કાંઇ ખબર કીધી જેથી પોતાના છોકરા મુસ્તફાને મોતીશાહને બોલાવી લાવવા મોકલ્યો અને કહ્યું કે એને લીધા વના આવીશ નહિં. તે નગરશેઠને ઘેર ગયો, પણ તે ન હોવાથી ત્યાં આગળ થોભ્યો. એવામાં મોતીશાહની છોકરી જે જોબનનાં મદમાં છક થઈ ગઈ હતી તે ત્યાં આગળ આવી અને પોતાના પરવાળા જેવા હોઠથી મુસ્તફા સાથે વાત કરવા લાગી. તેણીના અત્યંત પ્યારના શબ્દોથી મુસ્તફા ગોયા તેણીના ઉપર દીવાનોજ બની ગયો. કારણકે તેણીની ચતુરાઈ, રૂપ અને મીલનસારી ગુણ વીષે તે પ્રથમથીજ જાણીતો હતો, તેમાં વળી દુધમાં શાકર પડે તેમ આ બીજા શબ્દો સાંભળતાંજ તેણીના ઉપર અત્યંત આશક થયો અને મુસ્તફાએ પોતાનો ખરો પ્યાર જાહેર કીધો. તે ગોયા તેણીને જહાનને રોશની આપનાર આફતાબ મીસાલ લાગ્યો. આવી રીતે અરસપરસ વાતચીત કરતાં હતાં તેવામાં મોતીશાહ આવી લાગ્યા. મુસ્તફાએ તેમને તેના પીતા બોલાવે છે એમ જણાવ્યું. મોતીશાહ તરતજ તેની સાથે યાકુબને ઘેર આવ્યો.

યાકુબ—(આંગળી કરી દેખાડી કહેછે) આ કાસદ એવા સમાચાર લાવ્યો છે કે આપનું વહાણ જે મસ્કતથી માલ સહિત ઉપડયું હતું તે રસ્તે ડુબી ગયું છે; માટે આપણ બન્ને જણ પાછા તે દેશ જઈ કેટલોક માલ લઇ આવીએ અને ત્યાંથી

આપણી સાથે કેટલોક માલ લઈ જઈએ. જે માલ ત્યાં ખપાવશું; અને આપણને કાલે ઉપડવુ છે તેથી જલદી જઇ તૈયારી કરો. પણ હું તો મારા ઘરમાં કહું છું કે દરીયાની મુસાફરી કરતાં કદાચ મા'રી હયાતી રહે યા નહી રહે તેથી આ મારા મુસ્તફાનાં લગ્ન કોઈ સારી લાયક છોકરી એને પસંદ પડે તેની સાથે કરવાં.

મોતીશાહ—હા, તમારૂં કહેવું ખરૂં છે. હું પણ મારા ઘરમાં મારી છોકરી હાલ જે જુવાનીમાં ભરપુર છે તેને માટે કોઇ સારો લાયક તેને પસંદ પડે એવો ભરથાર પરણાવવા કહી જઇશ. માટે કાલ આપણને જરૂર ઊપડવું પડશે. ચાલો જલદીથી બજારમાં જઈ કેટલોક કીમતી માલ વેચવા માટે ખરીદી લાવીએ.

બીજે દેશ ખપી શકે એવા સઘળા માલની ખરીદી કરી બીજે દીવસે ઉપડવાની તૈયારી કીધી, અને ઘરમાં સર્વ બાળ બચ્ચાંઓને મળી તેઓ વીદાય થયા.

યાકુબ સોદાગરના કહેવા પ્રમાણે તેના છોકરા મુસ્તફાના લગ્નની તૈયારી થવા લાગી. મુસ્તફાએ પોતાને લાયક પસંદ પડતી મોતીશાહની પુત્રી જડી વિષે કહ્યું.

ખતીજા—અય બેટા, અપન જાત કોન ઔર ઉસ્કી જાત કોન, તુજકું કછું કુચ ખ્યાલ આતા હય યા નહિ?

મુસ્તફા—અમ્મા જાન, મેરે પીદરને કહા હય કે તેરી મરજી આહે ઉનકી સાથ નીકા કરના. મયતો ઉસ્કી સાથ નીકા કરને રાઝી હું.

ખતીજા—ખેર બચ્ચા, તેરી મરઝી; તેરે આગે મય નાચાર હું.

મુસ્તફા—અમ્મા જાન, મોતીશાહનેબી ઘરકો આયસાહી કહા હય કે મેરી બેટી જીસકે સાથ સા'દી કરને રાઝી હો, ઉસ્કી સાથ બા ખુશીસેં નેકા કરે.

મોતીશાહને ત્યાં પણ લગ્નની તૈયારી થવા માંડી, અને જડીને મનપસંદ પડતો પતી મેળવવા તેના પીતાએ કહ્યું હતું તેથી તેણીએ (જડીએ) પોતાની માને યાકુબ સોદાગરના છોકરા સાથે લગ્ન કરવાને ઇચ્છા જણાવી. આ પ્રમાણેની વાત ચીતમાં તેઓના પીતાઓની રાહ જોતાં એક વરસ વહી ગયું. આખરે તેઓ ન આવવાથી લગ્ન કરવાં પડયાં.

લગનને લગભગ એક અઠવાડયુ નહીં ગયું હશે એટલામાં મોતીશાહ તથા યાકુબ આવી લાગ્યા અને પોતાનાં છોકરાંઓનાં એકમેકમાં લગ્ન થયાથી અત્યત ખુશી થયા. દેશાવરથી લઇ આવેલો માલ શહેરમાં ખપાવી દીધો અને બીજો કેટલોક ખરીદી યાકુબે પોતાના છોકરા મુસ્તફાને ઉપડવા હુકમ કીધો.

જતી વખત મુસ્તફાએ પોતાના બાપને જણાવ્યું કે બાવાજાન, મય આપકે કહેને મુઝમ કુચકે લીયે તૈયારી કરતા હું મગર મેરી ઔરતકો એક અલાહીદા મકાનમેં રખના, ફીર મકાનભી અયસા હો કે મુંગી અંદરસે બહાર ઔર બહારસે અંદર જાને નહીં પાયે. ઉસ્કી સાથ રહેનેકો એક લેંડીભી નેકકાર સપુરદ કરના, ઔર ઉસ્કી ખાનેકી સગવડ બહોતભી અચ્છી રખના. બાવાજાન સલામ અલેક.

યાકુબ—વાઅલેકુમ સલામ. રખસદ હો બચટા.

* * * *

મુસ્તફાને ગયાને છ માસ થઇ ગયા પણ હજી કાંઈ આવ્યો નહિં. તેથી જડી કે જે હાલ મહેલમાં એકાંત હતી, તે વિચારવા લાગી કે મારે મુસ્તફાને કોઇ પણ યુક્તિથી તે જે દેશ ગયો છે તે દેશ જઈ મળવું જોઈએ. એવા વિચારથી જે દાસી ખાણું લાવતી હતી તેણી મારફતે પોતાના બાપ મોતીશાહ ઉપર ચીઠી મોકલાવી. તેમાં એવું લખ્યું હતું કે આજ છ માસ થયા મારો ખાવિંદ દેશાવર મુસાફરીએ ગયો

છે તે હજી આવ્યા નથી, માટે મને ચિંતા થાય છે, તેથી મારે તેને ગમે તેવી રીતે મલી આવવાની ઉમેદ છે. હું તમારી એકની એક પુત્રી છું અને તમારી પાસે પૈસા ઘણા છે તે તમો મારે માટે ખરચો નહીં તો, તે તમોને શુ કામ આવનાર છે? માટે તમારા મહેલથી તે હાલ હું જે મહેલમાં રહુ છુ ત્યાં સુધી જેમ બને તેમ જલદીથી કોઇ ન જાણે તેમ એક ભોંયરૂં ખોદાવો. આ કામ આ ચીઠ્ઠી વાંચી તુરત ચાલુ કરશો એવી મારી આશા છે. કારણકે મને બહાર નીકળવાની પણ સખ્ત મનાઇ છે તેથી હુ આ એકાંત મહેલમાં મારી જીંદગી કેમ ગુજારૂ.

આ હકીકત જાણી તેના બાપે તુરતજ કામ શરૂ કીધું અને પંદર દિવસમાંજ ભોંયરૂ ખોદાવી તૈયાર કરાવ્યું. જહી ભોંયરાને રસ્તે કોઇ ન જાણે એમ પોતાના પીતાને ત્યાં ગઇ, અને તેના શાહુકારને મલી, તેણી પોતે આવતી કાલે મુસાફરી કરવાની છે એવું જણાવી જે જે સામાન જોઇતો હતો તે તાકીદે લાવી રાખવા કહ્યું.

સુંદર તંબુ તથા મુસાફરીને લગતો અને બીજો કેટલોક પોતાને જોઇતો સામાન લઇ મછીવારીનો પોષાક ધારણ કરી પોતાનો પતી જે દેશ ગયો હતો તે દેશ જવાને ઉપડી. પોતાની

સાથે મહેલમાં જે લોંડી રહેતી હતી તેણીને કહ્યું હતું કે આપાંગુ માટે જે ખાણું આવે છે તે લઇ તારાથી ખવાય તેટલું ખાઇ બાકીનું આ ભોંયરામા એકઠું કરજે, અને આ વાતની યાકુબ સોદાગરને ખબર થાય નહિં તેની તપાસ રાખજે.

જરી જે દેશમાં પોતાનો પતી હતો તે દેશમાં જઇ પહોંચી, અને શેહેરમાં પોતાને લાયકની થોડીક જગ્યા ભાડે લઇ ત્યાં પોતાનો તંબુ ઠોકી મુકામ કીધો. ગામમાના સઘળા સોદાગરો તથા વેપારીઓને ખબર પડી કે એક સોદાગર ઓરત ભારે દબદબાથી આ શહેરમાં કેટલોક માલ લઇ સોદાગરી પેશો કરવા આવી છે. તેથી તેઓ સર્વ મળી તેણીના મકાન પર માલ જોવાને ગયા. તેણીએ તેઓને આદરભાવથી બોલાવી આગતા સ્વાગતા કરી બેસાડયા, અને પોતે મહીયારી છે એમ જાહેર કીધું. થોડોક વખત પછી તેઓ સર્વે પોતાને મુકામે ગયા. હવે આ વાતની ખબર મુસ્તફાને પડી તેથી તે ત્યાં પુછવાને ગયો. તેણીએ તેને ઓળખ્યો, પણ પોતે હાલ જે માહીયારીના વેશમાં હતી તેથી તે ઓળખી શકયો નહિં. તેણીનું રૂપ જોઇ તે આશક પડયો, અને તેણીને પુછવા લાગ્યો કે—"આપકા આના ઇસ ગાંવમે કીસ તરેહસે હુવા. ઔર આપકા વતન કૌનસા હયે?"

"તમારે મને એટલી પરપુછ કરવાની શું જરૂર છે?" મહીયારીએ તેના સવાલનો જવાબ ન દેતાં વાત ફેરવી કહ્યું "હું તો ફકત માહીયારીછું"—કટોરો દેખાડી "આ કટોરો ભરી હું રાતને વખત જેની દુધ પીવાની મરજી હોય તેની પાસેથી હજાર અશ્રફી લઇ દુધ પાઉંછું. માટે જો તમારે પીવું હોય તો રાત્રીએ આવજો."

મુસ્તફા આ શાંભળી ચાલતો થયો, અને મનસાથે બબડયો, "ઉન્ને કયા કહા, વો તો મયેં ભુલ ગયા. હાં, હાં, હાં! 'એક કટોરાભર પીલાતી હું ઔર હઝાર અશ્રફી લેતી હું, મગર મયતો સોદાગરી પેશા કરતી હું.' અબ કયા તદબીર કરના. કીસ તોરસે યેહ પંછીકું પીંજરેમે લેના. અજી, ખુદા ખુદા કરો, વો મેરે ઘર કહાંસે આવે. અજી વો તો ઝબાન મંહસે નીકલ ગઇ, જબ અયસી બાત નીકલ ગઇ, મગર હાં ; ઉન્ને મેરેકું રાતકુ આના કહા થા, ફીર મયે કયું ન જાઉ? જાના તો સહી,

મગર હજાર અશ્રફી! યા અલ્લાહ! મગર વો હો ગઈ નેક કીરદાર યા બદ કીરદાર ફીર અયસા નહો કે આ બલા પકડ ગલા. અચ્છા જાયગા સહી."

રાતનો વખત થયો હતો અને માહીયારીએ પોતાના તંબુમાં જાતજાતની ઘણાજ દબદબાથી રોશની કરી હતી. એટલામાં મુસ્તફા તંબુમાં દાખલ થયો અને બોલ્યો:

"ક્યુ એ માહીયારી, આજ તો તુને તંબુમે ખુનમક્ષ બાંન ખડા કીયા હયે."

માહીયારી—હાંજી, મેરા તો વોહી પેશા હયે.

મુસ્તફા—(મનમાં) માહાશા અલ્લાહ. યેહ કીસ લાયકતસે બાતોકા તોર મીલાતી હયે. પથ્થરકો પાણી બતાતી હય. હાંજી અબ તો સબ બાત છોડકે દુધકી મઝાહ તો ચખું. (માહીયારીને) અય માહીયારી, અબ તો મુઝે તેરા દુધકા કટોરા ભર દે.

માહીયારી તરતજ ગાય દોહી દુધનો કટોરો હાથમાં લઈ તેને આપવા જાય છે,

મુસ્તફા—(સામેથી માહીયારીને આવતી જોઇ) કયસી બનઠનકે રૂમઝુમ કરતી આતી હયે. અલ્લાહને ઉસકો કયા રૂપ દીયા હયે-જયસી પરસ્તાનકી પરી. અલ્લાહ, વો મુઝે મીલે તો કયસા.

માહીયારીએ તેને દુધનો કટોરો આપી કહ્યું કે આજની આખી રાત તારે અહીં રહેવું પડશે.

મુસ્તફા—જબહી તો હઝર અશ્રફીયાં બસુલ હોવગી. સારી રાત મઝાહ ઉઠાંઇએ જબ દીલભી ખુશ હોગા.

આખી રાત માહીયારી સાથે એશઆરામમાં ગુજારી, અને રોજ રાત્રે આવજો એવું કહી તે ગયો.

માહીયારી એક મહિનો દીવસ આ શેહેરમાં રહી ત્યાં સુધી તેની સાથે દુન્યાનું (સંસારનુ) સુખ હાંસલ કીધું, અને છેલે દીવસે તેને ખુબ પ્યારમાં ફસાવ્યો. તેથી મુસ્તફાએ ખુશી થઈ તેણીને પોતાની અંગુઠી તથા રૂમાલ તેણીના માંગવાથી આપ્યા.

બીજે દીવસે રાત્રે એકદમ તંબુ કહાડી નાંખી દરેક સામાન લઈને રાતને રાત તેણી પોતાના શહેર તરફ નીકળી ગઈ.

તે શેહેરના લોકો સહુવારમાં તે જગ્યા ખાલી જોઈ ઘણુંજ આશ્ચર્ય પામ્યા કે આ ઠેકાણે તખ્ત હતો તે ક્યાં ગયો.

માહીચારી (જડી) પોતાના બાપ મોતીશાહના શેહેરમાં આવી પહોંચી, અને સર્વે વાત પોતાના માતપીતાને કહી રહી બોલી કે હવે હું આ ભોંયરાને રસ્તે મારા મહેલમાં જાઉ છું તમો તરતજ એ પાછું પુરાવી નાંખજો. એમ કહી ભોંયરાને રસ્તે પોતાના મહેલમાં આવી. હવે એના પીતાએ ભોંયરૂં પુરાવી નાખ્યું. તેણીને હમેલ રહ્યા હતા તેથી નવ માસ પુરા થયા કે એક પુત્રનો પ્રસવ થયો.

આ વાતની ખબર (પુત્ર અવતર્યાની ખબર) યાકુબ સોદાગરને પડી કે તરતજ તેણીની આગળ આવ્યો અને પુછ્યું કે ખરૂં બોલ તને હમેલ કોનાથી રહ્યાછે. તને કોઈ દીવસ મહેલમાંથી બાહાર કહાડી નથી, અને તારી દાસી શિવાય બીજું કોઈ તારી આગળ નથી, તેથી એ વાત મને વિચિત્ર લાગેછે. તારા બાપદીપર કાગળ લખી તને સઘળી વાતથી વાકેફ કરૂં છું.

જડી—તમારા બેટા મુસ્તફાનાજ મને હમેલ હતા અને આ છોકરો તેનોજ છે

યાકુબ—તુમ અપના ક્યા દીવાનપનકી ચાલે લગાતેહો. અપના કુચ્ચ હોતા હય. વો કહાં, તુમ કહાં! એસી બાતકા ખ્યાલ મુઝે સમ તોરસે જલાતા હયે.

કાગળ પહોંચવાથી મુસ્તફા આવી પહોંચ્યો જેને તેના બાપ યાકુબ સર્વ વાત કહી તેથી તે બહુજ ગુસ્સે થયો.

મુસ્તફા—અયે પીદર, મયતો તુઝકો સોંપ ગયાથા, મયને કુચ્ચ ઈસ્કી સાથ સોહબત નહીં કીઈ હય. વોતો જુઠ બોલતી હોગી મગર ઉસ્કુ મેરી આગુ બોલાના ચાહીયે

હુકમ થતાંજ જડીને તેના છોકરા સહીત લાવવામાં આવી.

મુસ્તફા—અયે બેવકુફ, યેહ કીસકા પીસર હયે? મેરી આગુ જુઠા મત બોલના, તુઝકો સખ્ત કાયદેમેં રખકે ગયા, મગર આખેર તો વોહી. સચ બોલ, કીસ્કી સાથ સંગત કીઈ.

જડી—આ છોકરો તમારોજ છે અને તમારા સિવાય બીજી કોની સંગત! (એમ કહી વીંટી અને રૂમાલ દેખાડે છે) આ શું! અને કોનું?

મુસ્તફા—(વિચારમાં ગરકાવ થઈ) યેહ અંગુઠી ઔર

ફ્રમાશ તો મગને મસ્કતમે એક માલીયારીકી સગત કીઈ જબ ઉનકો દીઈથી, તો ફ તેરી પાસ કાંહુસે આવે?

જડી—માલીયારી હું હતી, અને દુધનો કટોરો મેં લાયો હતો. એક મહિનો સુધી તમો મારી સાથે રહ્યા હતા, તે શું ભુલી ગયા?

મુસ્તફા—અય પીદર! સબ બાત તો સચ હયે, મગર વો કીસ તરેસે મહેલ છોડકે ગઈ. વો કીસકો માઅલુમ હયે.

યાકુબ—મુઝે તો કુછ માઅલુમ નહિ હયે કે વો કીસ તરાંહસે નીકલ ગઇ.

જડીએ પોતાની સઘળી વાત યાકુબ તથા મુસ્તફા આગળ કહી સંભળાવી એટલે તેની ખાત્રી થઈ.

---

રૂક્ષમાણી જેવી આ વાત પુરી કરી રહી કે રૂપસીંહે કહ્યું: "તેં તારી સ્ત્રી જાતની બહાદુરીના વખાણ કર્યા તો હવે હું તારી આગળ પુરૂષની બહાદુરીનું થોડું ઘણું વર્ણન કરૂં છું, જે તું એક ચીતે ધ્યાન દઈ સાંભળ.

કુંદનપુરી નગરીમાં કેસરીસીંહ રાજા રાજ્ય કરતો હતો. તેને એક ખુબસુરત ચંદુબા નામે છોકરી હતી. આ છોકરી ઘણીજ ચતુર હતી. પુરૂષ જાતને અત્યંત ધિક્કારતી હતી, અને કોઇ દીવસ કોઇપણ પુરૂષનું મુખ જોતી નહોતી. તેણીએ પોતાના બાપના ગામથી થોડેક દુર એક મહેલ ખાસ પોતાને માટે બંધાવ્યો હતો, અને તે એકાંત જગ્યામાં દાસીઓ સાથે રહેતી હતી. ઘણાંક દેશોથી મોટા મોટા રાજાના છોકરા ઓનાં માંગાં આવતા હતાં પણ તેણી પરણવા માટે પોતાના બાપને નાજ કહેતી હતી.

એક વીજયપુર નામે ગામમાં રાયસીંહ રાજા રાજ્ય કરતો હતો તેને એક ફતેસીંહ નામે છોકરો હતો. એ છોકરાએ ઘણું સારૂં જ્ઞાન મેળવ્યું હતું એટલુંજ નહીં પણ હરેક હુન્નરો તથા જુદી જુદી ભાષાઓ શીખ્યો હતો. હુન્નરમાં તોથી સરસમાં સરસ ચીતારાનું કામ જાણતો હતો. ફતેસીંહે કેસરીસીંહ રાજાની છોકરી ચંદુબાની ઘણી તારીફ સાંભળી હતી, તથી તેણીની સાથે પરણવાનોજ તેણે નામ લીધો હતો. તેના બાપ રાયસીંહે તેને ઘણું સમજાવ્યું કે આપણા

કરતાં મોટામાં મોટા દેશોનાં કુંવરોનાં માંગા પાછા વાળ્યા છે તો આપણા તેની આગળ શા ભાર છે. માટે એ વાત તું ઉચ્ચાર નહિં. જેપરથી ફતેસીંહે હઠ લીધી કે મારે તો એનીજ સાથે પરણવું છે. માત્ર તમારી આજ્ઞાનેજ વાર જોઉછુ જો તમો મને આજ્ઞા આપો તો ગમે તે તદબીરથી હું તેણીને મારી રાણી બનાવીશ.

રાયસીંહનો તે એકજ છોકરો હતો તેથી તેની મરજી સાચવવાને તેને હા પાડી, એટલે ફતેસીંહે કુંદનપુરી જવાનો વિચાર કીધો. પણ દીલમાં સોચવા લાગ્યો કે મારે કેવી રીતે ત્યાં જવું. આખરે તેને એવું ધાર્યું કે હું આ મારો પોષાક બદલી, મને ચીતારાનું કામ આવડે છે તેથી ચીતારાનો પોષાક ધારણ કરી તે નગરીમાં જાઉં. લગભગ એક માસની મુદતમાં બહુજ મુસીબત ખેંચી કુંદનપુરીમાં ગયો. દરવાજામાં પેસતાંજ તેને કયાં ઉતારો કરવો તે વિષે વિચાર્યું. આખરે તેને એમજ નકી કીધું કે જે માલણ ચંદ્રબાને માટે હાર, ગજરા, અને ફુલની ગુંથેલી સેજ લઈ જનાર હશે તે માલણને ઘેરે હું ઉતારો લઉં. ધારવા પ્રમાણે તેજ માલણનું ઘર સોધી કહાડયું અને ત્યાં ઉતારો લીધો. તેણીએ ખુશીથી તેને પોતાના ઘરમાં રાખ્યો. માલણને ઘરમાં એકલી જોઈ રૂપસીંહ તેને પુછવા લાગ્યો કે આ ઘરમાં તમારા સિવાય બીજુ કોઈ છે કે નહિં.

માલણ—નહિ ભાઈ! હું હાલમાં તો એકલીજ છું. મારે એક છોકરી હતી પણ આજ બે મહિના થયા કોઈ બદમાસો તેણીને કોણ જાણે કયાં લઈ જતા રહ્યા છે તેનો કંઈ પત્તો માલમ પડતો નથી, અને તે ત્હારા જેવી જુવાન સ્વરૂપવાન અને તારી ઉમરની હતી એટલુંજ નહી, પણ તારાજ જેવી હતી. ઈશ્વર જાણે કે તે કયાં ગઈ ! હું તેણી વિષે રોજને રોજ એક આંખમાં શ્રાવણ અને બીજી આંખમાં ભાદરવો વરસાવી બળાપો કરૂછું, અને તેજ વિચારે મને દીવાની પણ કરી મુકી છે. જેવી ઇશ્વરની મરજી. આ કરતાં તે માલીકે મારી છોકરીનો જન્મ આપ્યો ન હોત તો કેવું સારૂં કે આ મારા ઘડપણના વખતમાં હું આટલું બધું દુખ સહન નહિ કરત.

ફતેહસીંહ—કંઇ નહિ ! તેની ચિંતા નહિ કરો. કહેવત છે કે—

**દુહો.**

ચિંતાથી ચતુરાઇ ઘટે, ઘટે રૂપ ને જ્ઞાન,
ચિંતા બડી અભાગીની, ચિતા ચીતા સમાન.

માટે તમો ધીરજ રાખી તમારો ઘડપણનો વખત સુખ યા દુઃખમાં નિર્ગમન કરો. જો તેણી આ દેશમાંજ હશે તો કોઇ દિવસ પણ તમને આવી મળશે. માટે એ વાતનો ગમ તમો છોડી દો. આજ મારે બીજે ગામ જવું છે તેથી ત્યાં આગળ જઇ થોડા દીવસમાં હું પાછો આવીશ માટે તમારી મહેનતનું આ લો. એમ કહી તેણીના હાથમાં ૨૦ સોના મોહોરો આપી.

માલણ તે જોઇ ઘણીજ ખુશી થઇ અને તેને જરૂર પાછા આવવાને માટે કહ્યું. બીજે દીવસે ફતેસીંહે સ્રીનો પોષાક ધારણ કીધો. અને રાત્રીને સમે તેજ માલણને ત્યાં ગયો અને બોલ્યો, 'મા, મા, બારણું ઉઘાડ.' માલણે બારણું ઉઘાડયું, એવા વીચારથી કે મારી છોકરી આવી છે. ફતેસીંહ સ્રીને વેશે બારણામાં પેસતાંજ બોલ્યો. 'મા, મને આપણી કોઠીમા શંતાડ, કારણ કે મારી પાછળ બે જણ મને પકડવાને આવે છે. જલદી બારણું બંધ કર.' માલણે તરતજ બારણું બંધ કીધું અને તેને કોઠીમાં સંતાડી.

ફતેસીંહ પાસે એક ખીલો હતો તે વડે કોઠીને જવા આવવા માટે એક કાણું પાડયું, અને માલણ શું શું કરે છે તે જોતો. સવાર પડતાંજ માલણ ફુલ લઇ સેજ ગુંડવાને બેઠી તેથી તેની છોકરીએ (રૂપસીંહે) થોડાંક ફુલ પોતે પણ ગુંઠવાને માંગ્યાં. માલણે ફુલ તથા દોરો તેણીને કોઠીમાં આપ્યાં.

સેજ તૈયાર થઇ કે માલણ પોતાના વખતસર ચંદુબા-માટે ફુલની સેજ લઇ ગઇ અને તેણીના પલંગપર બીછાવી. ચંદુબા મહા ચતુર હતી તેથી માલણને કહયુ કે આ સેજમાં કોઇ પુરૂષની વાસ આવે છે માટે ખરૂં બોલ કે આ કોને ગુંઠી છે?

માલણ—બાઇ સાહેબ મેં મારી છોકરી સાથે ગુંઠીછે.

ચંદુબા—તું ગમે એમ કહે પણ મને પુરૂષની વાસ આવેછે. રસ્તે આવતાં કદાચ કોઈને તુ અડી હશે. પણ હવેથી લાવે તો સમાળીને લાવજે.

માલણ ઘેર આવી ત્યારે તેણીની છોકરી પુછેછે કે મા, બાઇ સાહેબ કાંઈ બોલ્યા હતાં કે!

માલણ—મને ચંદુબાએ કહ્યું કે સેજને કોઈ પુરૂષનો હાથ લાગ્યોછે.

છોકરી—મા, તું જાણેછે કે આપણે એ સેજતો ગુંઠી છે. પુરૂષ શું ને વાત શું? પણ જોની મા, તુ કાલે પાછી સેજ લઈ જાયતો એમ પુછજે કે તમો કોઇ પુરૂષનું મુખ જોતાં નથી તેનુ કારણ શું? એમ જરૂર જરૂર પુછજે.

માલણ બીજે દીવશે પોતાને હાથેજ સેજ ગુંથીને ગઈ અને પોતાની છોકરીના કહેવા પ્રમાણે પુછવા લાગી

તે સમએ ચંદુબા માલણ ઉપર ઘણીજ ગુસ્સે થઈ ગઈ અને ઠપકો દઇને કહ્યું કે તારે કોઇ દીવસ મને એ વાત પુછવી નહી.

માલણને તો ઘણુંજ માઠુ લાગ્યુ તેથી બીજે દીવસે સેજ નહી લઈ ગઈ.

ચંદુબાએ પોતાની દાસીને માલણને ત્યાં મોકલી કહેવાડયું કે કેમ સેજ આજ નથી લાવી.?

માલણ—જા તારાં બાઈ સાહેબને કહે કે તમોને મેં એક વાત પુછી તેનો જવાબ નહી આપતાં ઉલટો મને ઠપકો દીધો તેથી હું કાંઈ હવેથી લાવનાર નથી.

દાસીએ જઈ માલણના કહ્યા પ્રમાણે કહ્યું ત્યારે ચંદુબાએ ફરાથી તેને મોકલી ગમે એમ કરી એને બોલાવી મંગાવી.

દાસી માલણને ત્યાં આવી અને મીઠી મીઠી વાતોથી સમજાવી લઈ ગઈ.

ચંદુબા—કેમ માલણ સેજ કેમ નથી લાવતી?

માલણ—બાઈ સાહેબ તમોએ મને નાહક ઠપકો દીધો. સેજ વાત પુછી તેથી તમોએ મને કેટલા બધા બોલ સંભલાવ્યા. હું કાંઇ સેજ હવે લાવવાની નથી? તમો જોઈએ તેની ખાસ મંગાવજો.

ચંદુબા—મને તારા સિવાય કોઈની સેજ પસંદ પડતી નથી તેથી કાલથી જરૂર કરી તું લાવજે. જા હું તને તે વાતનો ખોલાસો જરૂર કાલે કહીશ.

માલણ બીજે દીવસે સેજ લઈ ગઈ, અને તે વાત વિશે પુછવા લાગી.

ચંદુબા—જો કહું છું તે ધ્યાન દઈને સાંભળજે: પુર્વે જનમમાં મારો અવતાર હાથણીનો હતો. હું જે જંગલમાં રહેતી હતી તે જંગલમાં તમામ હાથીઓજ રહેતા હતા. મારે પેટે જે દીવસે એક હાથણીનો જન્મ થયો તેજ દીવસે તે જંગલમાં દવ લાગ્યો. આખું જંગલ સળગવા લાગ્યું તેથી સઘળા હાથીઓ ત્યાંથી જતા રહ્યા. મારો ધણી (હાથી) જે હતો તેને મને પણ તે જંગલમાંથી ન્હાશી જવાને કહયું. મેં તેને ના કહ્યું કે આ મારાં બચ્ચાંને છોડી હું કયાં જાઉં? જો તમારે જવું હોય તો તમે જતા રહો પણ હું તો આ બચ્ચાંની સંભાળમાંજ રહીશ. આગ લગભગ મારી નજદીક આવી લાગી પણ હું તો મારાં બચ્ચાં આગળજ રહી. આખરે મારો ધણી મને એકલી છોડી નહાસી ગયો, પણ હું તે જંગલમાં મારાં બચ્ચાં સહીત બળી મુઈ. તે દીવસથી હું જાણું છું કે પુરૂષ બેવફા છે, તેથી હું કોઈનું મુખ જોતી નથી અને પરણતી પણ નથી.

હવે માલણે ઘેર આવી તે સર્વ હકીકત પોતાની છોકરીને કહી સમજાવી.

છોકરી (ફ્તેસીંહ)એ વીચાર્યું કે હવે મારે હ્યાં રહેવું નહિ. કોઈ પણ તદબીરથી જતા રહેવું. એમ ધારી રાતની વખતે માલણને કહયું કે મા, મારે કલરીએ જવું છે તેથી મને પાણીનો લોટો ભરી આપ અને કોઠી ઉઘાડ.

માલણે છોકરીના કહેવા પ્રમાણે કર્યું.

ફ્તેસીંહે બહાર જઈ સ્ત્રીનો પોષાક કહાડી નાંખ્યો અને ચીતારાનો પોષાક ધારણ કીધો, અને માલણને ઘેર આવી માલણને કહયું કે તારી છોકરીને મેં હમણાજ જતી જોઈ. તેની પાછળ બે માણસ હતા, કોણ જાણે કયાં લઈ જતા હશે.

માલણ—હા ભાઈ, એ વાત ખરીછે. આજ ચાર દીવસ

થયા આવી હતી તે ઘરમાંથી નહી રહી જેવી. પણ તે લોકોની ધાસ્તીથી કોઠીમાં સંતાઇ રહી હતી.

સવાર પડી એટલે ફતેસીંહે તે માલણનું ઘર ચીતાર્યું અને માલણને દેખાડયું. તેણી તે ચીતાર જોઇ ઘણી ખુશી થઇ અને આડોસીપાડોસીને પણ દખાડયો તેથી તેઓ સ-ઘળાના ઘરો પણ ચીતાર્યાં.

રફતે રફતે આ ચીતારો આખા ગામમાં મખ્યાત થયો. રાજા કેસરીસીંહે તેની બહુજ વખાણ સાંભળી તેથી પોતાનો મહેલ ચીતરાવ્યો.

રાજાએ પોતાના મહેલનો નકશો હાથમાં લઇ ઘણીજ બારીકીથી જોયા તો કાંઇ પણ ફેર માલમ પડયો નહિં. રાજાએ ખુશી થઇ મધાનજીને કહ્યું કે આ ચીતારાને એક હજાર સોના મોહોરો આપો.

ચીતારો—રાજા સાહેબ હું કોઇની પાસેથી પૈસો લેતો નથી અને તમારી પાસેથી પણ લેવાનો નથી. એના બદલામાં માત્ર હું એટલુંજ ચાહુછું કે જેવો તમારો મહેલ ચીતારી આપી નામદાર સાહેબને ખુશ કીધા તેજ પ્રમાણે કુંવરી સાહેબનો પણ મહેલ ચીતારી તેણીને દેખાડી ખુશી કરૂં.

રાજાએ ખુશીથી તે મહેલ ચીતારવાની રજા આપી.

ચીતારો ફતેસીંહ મહેલની નકલ કરી આવ્યો, અને ઘરમાં નીરાંતે બેસી આબેહુબ મહેલ ચીતાર્યો, અને ત્યાં આ-ગળ એક ખુબી કીધી તે એ હતી કે ચંદુબાએ જે વાત મા-લણને કહી હતી, અને માલણે તે વાત પોતાની છોકરી (છોકરીના પોષાકમાં ફતેશીંહ હાલ જે ચીતારો છે તે) ને કહી હતી તે વાતનો દેખાવ આ ઠેકાણે દર્શાવ્યો, તે એવી રીતેકે એક જંગલ બળે છે એવો ચીતાર કહાડયો, અને તેમાં ઘણા હાથીઓ નહાસી જાય છે તે તથા તે સર્વની પાછળ તેનો ધણી (હાથી) નહાસી જાય છે ને દેખાવ તથા એક હાથણી તેનાં બચ્ચાં સહીત બળે છે તે આબેહુબ બરોબર દેખાવ ચીતારી દાસી પાસે તે ચંદુબાને દેખડાવવા મોકલ્યો. પોતાના મહેલનો ચીતાર જોઇ બોલી કે આ કોઇ ઘણોજ હોંસીયાર અને ખુ-બીવંતો માલમ પડે છે. અરે! પણ આ શું! આ તો મારો પુર્વ જનમનો દેખાવ છે! હા! શું માણસ નથી કરી શકતું?

પુરૂષો આવા પણ હોય છે? હું તો આજ સુધી એમ જાણતી હતી કે પુરૂષ બેવફા છે, પરંતુ આ કારીગીરી જોતાં મારા દીલનો જે આગળનો વિચાર હતો તે હવે મારે તજી દેવો જોઈએ. હા! બસ વરૂં તો એનેજ વરૂં. હા! શું ચાલાકી વાપરી છે. દાસી જા, જા તું જલદી જઈ એ ચીતારાને એકદમ મારી પાસે બોલાવી લાવ.

ચીતારાને દાસી બોલાવી લાવી. તેણી તેનું રૂપ જોઈ એકદમ પ્યારના આવેસમાં ફસાઈ પડી. અને તે પોતે કોણ છે તથા ક્યાંનો રહીશ છે એમ પુછ્યું. ચીતારાએ પોતાની સર્વ બીના અથથી તે ઇતી પરીયંત કહી. ચંદુબાએ આ સર્વ હેવાલ પોતાના પીતાજીને કહી ફતેસીંહ સાથે પોતાનાં લગ્ન કીધાં.

રાજા કેસરીસીંહે ફતેશીંહને કેટલુંક જર ઝવાહીર ભેટ કરી વાજતે ગાજતે પોતાની છોકરી સહીત વીજયપુર વીદાય કર્યાં.

---

રૂપસીંહ—જો પ્યારી, ક્ષત્રીઓમાંથી પણ આવા વીર પુરૂષો નીકળે છે. હા! પ્યાર! પ્યાર! પ્યાર! અજબ કુદરત તારી છે યાર.

રૂક્ષમણી—પ્યારા, તમારી બહાદૂરી વળી એના કરતાં ક્યાં ઓછી છે. પણ વહાલા તમોએ જે મારાપર હેશાન કીધુ છે તેનો બદલો એ કે હું તમારીજ છુ. લો આ વચન, પ્યારા ભુલશો નહિ.

અરસપરસનાં વચનો આપી વીખુટાં પડયાં. રૂક્ષમણી પોતાને દેસ સહીસલામત જઈ પુગી.

રૂપસીંહ એક બીજા શેહેરમાં જઈ લાગ્યો કે જ્યાં મોટી મોટી ઇમારતો નકશી કામથી ભરપુર માલમ પડતી હતી. તે શેહેરમાં એક પણ માણુસ તેના જોવામાં આવ્યું નહિ તેથી તે વિચારમાં પડયો. આગળ ચાલતાં ચાલતાં તેને એક ઘણોજ ખુબસુરત હીરા જડીત મહેલ નજરે પડયો, જે ઘણાજ ચળકાટથી ઓપી રહયો હતો તેમાં તે દાખલ થયો. તેવામાં એક ઓરડામાં ખુબસુરત સ્રીના રૂપનું પુતળુ તેના જોવામાં આવ્યુ. રૂપસીંહને જોઇ તે પુતળુ હસવા લાગ્યું. આ બનાવ જોતાં તેની અજાયબીનો પાર રહયો નહિ, અને વિચાર કરી બોલ્યો

કે આ શહેરમાં મારા જોવામાં એક પણ માણસ આવ્યુ નથી અને આ મહેલમાં એક પુતળું જોવામાં આવ્યુ તે વળી મને જોઇને હસે છે તેથી એમાં કાંઈ પણ ભેદ હોવો જોઇએ. આ ઉપરથી માલમ પડે છે કે કાંઈ જાદુઇ ચમત્કાર હોવો જોઇએ. આસપાસ જોતાં એક પાણીનો સીસો અને એક લાકડીપર તેની નજર પડી. સીસાનુ પાણી લઈ તે પુતળાં ઉપર નાંખ્યુ કે તરતજ એક ખુબસુરત સ્ત્રી થઈ ગઈ, અને બોલી કે તું કોણ છે? તું અહિં થી જતો રહે, નહિં તો બાવો હમણા આવી લાગશે ને તને મારી નાંખશે. તેને આવવાને માત્ર થોડો વખતજ બાકી છે, વાસ્તે જેમ બને તેમ જલદીથી આ જગ્યાએથી બીજી જગ્યાએ જતો રહે.

રૂપસીંહ—મને તારી સઘળી વાતથી વાકેફ કર.

સુંદરી—હું આ ગામના રાજાની છોકરીછું. એક જાદુગર બાવાએ પોતાના જાદુના જોરથી મારા પીતાને તથા સર્વ રયતને માછલીઓ બનાવી આ ગામના તળાવમાં રાખ્યાં છે કારણ કે તે જાદુગર બાવો મારા ઉપર આશક પડયો છે. જયારે તે જંગલમાં જાયછે ત્યારે મને આ લાકડી મારી પુતળું બનાવે છે, અને આ સીસામાંનુ પાણી છાંટે છે એટલે હું મારા અસલ રૂપમાં આવુંછું માટે આ લાકડી તું મને જલદીથી માર કે હું પાછી પુતળું બની જાઉં. અને તું સંતાઇજા કારણ કે તેનો આવવાનો હાલ વખત થયો છે.

રૂપસીંહ—એ બાવો કાંઈ તારી સાથે વાત કરેછે કે નહિં? જો વાત કરતો હોયતો તું એને આજ ખુબ પ્યારમાં નાંખી એના મોત વિષે પુછજે.

સુંદરી—(આંગળી કરી દેખાડી) જો આ પોપટનુ પાંજરૂ જે ટાંગ્યું છે તે એ હંમેસ સાથે લઈને ફરતો, પણ આ મહેલમાં કોઇ આદમ જાતનો પ્રવેશ નથી તેથી કાંઈ પણ ધાસ્તી રાખ્યા વીના અહીંજ ટાંગીને જાયછે. જો એ પોપટ મરે તો તે પણ મરે. આ પોપટને મારી નાંખવાનો મારો જીવ ઘણો હતો પણ મને જતી વખતે તે બાવો પુતળું બનાવી જતો એટલે હું નાચાર રહેતી પણ હવે તો ઠીક લાગ ફાવ્યો છે.

તુરતજ બંનેએ મળી પીંજરૂં ઉતારયું. રૂપસીંહે તેની પાંખ ખેંચી કે તે જાદુગર બાવો ઝીકડન તેની આગલ પોતાના લુલા હાથ સહિત ચીસ પાડતો આવી લાગ્યો. રૂપસીંહે પછી તેનો એક પગ મરડયો કે બાવો જેમ તેમ તેની છેક નજદીક આવી પહોંચ્યો અને બોલ્યો કે તું જે માંગશે તે આપીશ પણ આ પોપટને મારે સ્વાધીન કર.

રૂપસીંહ—એ પોપટ તને કયારે મળે કે આ શેહેરના રાજાને તથા સર્વ પ્રજાને પાછી સજીવન કરે; અને શેહેર જેવી આબાદાનીમાં હતું તેવું કરે તો તને આ પોપટ મળે.

બાવો— આ મારી ઝોલીમાં અડદના દાણા છે તે લે અને તલાવમાં નાંખ કે જેથી દરેક જીવ સજીવન થશે, અને શેહેર પણ હતું એવું થશે. લાવ હવે મને પોપટ આપ.

રૂપસીંહે આ શબ્દો શાંભળી સમયસુચકતા વાપરી ઝડપથી તે પોપટની ડોક મરડી નાંખી એટલે તે જાદુગર બાવો મરણ પામ્યો, અને તેના કહેવા પ્રમાણે તેણે અડદના દાણા તળાવમાં નાંખ્યા, કે તરતજ બધાં માણસો પોતાના અસલ રૂપમાં આવી ગયા. શેહેર જેવું હતુ તેવું થયું. શેહેરનો રાજા રૂપસીંહને જોઈ તેની હીકમત અને બહાદુરીનાં વખાણ કરતો તેનો અત્યંત ઉપકાર માનવા લાગ્યો. રૂપસીંહને જર જવાહીરોના કેટલાક બુમચા તથા પોતાની એક ખુબસુરત છોકરી એ બે વસ્તુની ભેટ રાજાએ તેને આપવા માંડી, અને બોલ્યો કે તારે માટે મારી પાસે આ કરતાં બીજી ઉમદા ચીજ કાંઇજ નથી, તારો બદલો મારાથી વળે એમ નથી. અગરજો મારો પ્રાણ તને આપું તો તે પણ થોડો છે, હું તારો ઘણોજ હેશાનમંદ છું.

રૂપસીંહ—નહિ, નહિ; મેં આ પરોપકારનું કામ કાંઈ જર જવાહીરની લાલચથી નથી કીધું; પરંતુ માત્ર મારા નામને

ખાતર આ કામ કીધું છે. એક માણસ બીજા માણસના દુઃખમાં ભાગ નહિ લે ત્યારે એ માણસ શા કામનો ? હું તમારા બોલનું અપમાન ન કરતાં કહું છું કે આ તમારી છોકરી તમને મુબારક હોજો, અને આ સઘળું જર જવાહીર છે તે ગામના ગરીબ લોકોને મારે નામે ખેરાત કરજો. હું પણ એક રાજાનો કુંવર છું. મેં આ મારી હુંક ઉમરમાં જે સંકટ વેઠ્યું છે તે હવે મારાથી છુપાવી રખાતું નથી માટે સાંભળો. રૂપસીંહે પોતાનો સઘળો હેવાલ રાજાને વીગતથી કહી સંભળાવ્યો અને રાજા પાસેથી રજા લઈ આગળ ચાલ્યો.

*　　　　*　　　　*

બલખ શેહેરમાં એવો ધારો હતો કે સુર્ય અસ્ત પામતાં શેહેરના તમામ દરવાજા બંધ કરવા, કારણકે લુટારાઓનો ઘણો ત્રાસ હતો. પરંતુ આ શેહેરનો રાજા સ્વર્ગવાસ થયો હતો તેથી ગાદીનો વારેસ કોઈ ન હોવાથી શેહેરમાં એવો ઢંઢેરો પીટાવ્યો હતો કે કાલ સવારે દરવાજો ખુલતાં શેહેરમાં પેહેલો જે મુસાફર દાખલ થાય તેને રાજની ગાદી આપવી.

સુમારે સાત કલાકે તે શેહેરના દરવાજા આગળ કોઈ પરદેસી બાવો, બાવણ તથા મસાની ચેલો લઈ આવ્યો.

બાવો—(ચેલાને) કયુ બે મસાની, મેને તેરેકુ નહી કહાથા કે દરવાજા બંધ હો જાયગા. દેખ બંધ હુવા હેયા નહી. અબતો સારી રાત ચાંહી મરેગે, ઓર ઠંડમેં ફાકા કરેંગે. કયું ચુનકી એહી ઠીક હે?

ચેલો—હાં, હાં. મગર પહેલે ચુનકીકુ પૂછો.

બાવો—ચલ ગુલામકી રંડી, યે દંડા દેખા હયે.

ચેલો—યે દંડા મેરેકુ નહિ દીખાના. મયતો ફેર ગુરુસે ચેલા આ કરાહું.

બાવો—(લાકડી દખાડી) દેખીહુઈ લાલમલાલ. યેહી ઉતારેંગી તેરી ખાલ.

ચુનકી—હાંજી, સબ બાત છોડો ઔર કુચ ભજન કીરતન કરો. મસાની, તું ભી કાસીઆ બજાઓ, ઔર રંગ જમાઓ. હરીકા લાલ દુસરા કોઈ આ જાયગા. ચલોજી શરૂ કરો.

બાવો—ચુનકી પેહેલેસે હરીકા કીરતન તુંમ કરો. નહી તો અપણ સબ સાથેહી જગાવે. ચલો બચા તૈયાર હો.

ગાયન.

અલેકને દરબાર મળજો સાહેબને દરબાર,
મળજો જતી સતી,
અંધેકુ કયા આરસી, કયા બેરેસે બાત,
ધરમ મીલા હુય ખાકમેં, કયા લંગડેકા સાથ—મળજો
ફકીરની માએ કબીર જનમ્યો, કબી ન પાયા દુઃખ,
ગાંડુ નરકી ચાકરી, કયા નોકરકો સુખ—મળજો.
આંબો જાણીને મેં સેવીયો, આંબો પાકયો કોલાણ,
ડાલે ડાલે ફકીર ભર્યા, આગુજાયો તે બાણુ.—મળજો.

ભજન ગાઈ રહ્યા કે તરતજ એક મુસલમાન મજુર પોતાની ઓરત સાથે શેહેરમાં જવા ત્યાં આગળ આવ્યો, પણ દરવાજો બંધ જોઈ તેઓ ત્યાં આગળ થોભ્યા.

જમાલ—(મુસલમાન મજુર) અયે બીબી નીલમ, ખુદાકે ફજલસેં અપના કામતો તમામ હુવા, મગર એહી રાત ઠંડીમે ગુઝરની પડેગી. કયું કે દરવાજા તો બંધ હયે.

નીલમ—હાંજી, જાવ મીયા, મરદ હોકે અયેસી ઠંડીસે કયું ડરતે હો.

જમાલ—બીબી, ડરતા કોણ હે. મગર એક બાત કેહેતાં હું કે ઘર પોહોંચે હોતે તો અચ્છા. અબતો યાંહી રાત ભર ગુજારા કરો. ઓર ખુદાકા નામ લો.

નીલમ—(બીબી) મીયા દેખો, વ્હાંકી કુઈ બચારે આયે હે. ઉસ્કી સાથ આપતબી મીલ જાઓ.

બાગીના કેડુગથી જમાલગીગાં ઓરત સાથ જોગી આગળ બેસવા ગયા તેવામાં એક પઠાણ પોતાની ઓરત સહીત આવ્યો અને દરવાજો બંધ કરી; પેલા માણસો જયાં આગળ બેઠાં હતા ત્યાં આગળ જઈ તેઓ પણ બેઠા; એટલામાંજ એક સુરનવાલો પણ આવ્યો.

સુરણવાલો — બલખ શહેર હુવે ગુલઝાર, જીસકી બેરંગી બઝાર,
ઉસમે મેરા હુવા ઘરબાર, બેચતા સુરન સાંજ સવાર.

મયતો સુરન અચ્છી લાયા, તાજા બાગસે ઉસને ખાયા,
ઉસકી અચ્છી હોવે કાયા, વો તો મઝા જનમકી પાયા.

જમાલ — તુમતો લાયે સુરન પાક, ઉસકો કયા ખાના હુવે રાખ
ખાને વાલા હો હલાખ, લયે ઉસકો આજ તલાક.

સુરનવાલો — મેરા સુરન હુવે ચકચુર, ખાતે હોય ચલકતા નુર,
ઉસકો કયા ખાવે મજુર, જીસને ખાયા બોત ખજુર.

પઠાણ — સુરનમે અયસા કયા ખાના, ઉસકો ખાતે હુવે નાદાના,
ખાતે હો જાવે દીવાના, ખાલી પેસા ગાંઠ ગુમાના.

સુરન૦ — મેરા સુરન હુવે અસલકા, જીગને અરક પડા કામલકા,
છંટા મારા ગંગાજળકા, જીસે બદન રંગા હલકા.

પઠા૦ ઓરત — સુરન ખાનેવાલા હલકા, બનજાવે મેં બેઅકલકા,
હોવે નારા અંગ બારબલકા, ચેન ન રે'વે મનકુ પલકા.

સુરન૦ — મેરા સુરન લે'જતદાર, ખાતે હો જાવે હુસીયાર.
જનમ ભર હોવે ના બીમાર, શક્તિ દેવે બેશુમાર.

નીલમ — તેરા સુરન હુવે બળહીન, ખાતે હોય અંગમે ક્ષીણ.
રે'વે દીલ દુઃખમે આધીન, ખાલી પૈસા લેવે છીન

બાવો — કયા ઢોંગ મચાતે હો. આધી રાતતો ગુજર ગઈ, અબતો સબ સો રહો.

રૂપસીંહ સહવાર થતાંજ બલખ શેહેરના દરવાજા આગળ આવી પહોંચ્યો અને દરવાનને દરવાજો ઉઘાડવા

કહ્યું. દરવાને જેવો દરવાજો ઉઘાડ્યો કે રૂપસીંહ પેઠો ને દાખલ થયો તેથી હગાર મુજબ તેને ગાદી મલી. પોતે રાજવંશી હતો તેથી રાજ કાજના સર્વ કામમાં પ્રવિણ થયો.

*          *          *

મહારાજા ચંદ્રસેનના રાજ્ય નગરમાં શું બને છે તેની તરફ મારા પ્રિય વાંચનારાઓ ધ્યાન આપો.

ચંદ્રસેન - (નિશ્વાસ મુકી)હાય! કહેવત છે કે "વીનાશ કાળે વિપરીત બુદ્ધિ." એ પ્રમાણે મેં મારા છોકરાને ગરદન મારવાનો હુકમ કર્યો, પણ મેં કાંઇ પુરની તપાસ નહિ કરી. બનવા કાળ હતી તે બની ગઈ, હવે મારો કાંઇ ઉપાય નથી, પરંતુ હે જગદીશ્વર! તને જે ગમ્યું તે ખરૂં!

એક દિવસે એક બ્રાહ્મણ રાજા ચંદ્રસેન કચેરીમાં બેઠા હતા તે વખતે પુંજાની અંદરનું શેષ રહેલું જળ (શંકરની જળાધારીનું પાણી જે પીધાથી માણસ અમર થાય છે તે) મહારાજાને ભેટ આપવા લાવ્યો. આ બ્રાહ્મણ પણ દરિદ્ર હતો. રાજાએ તે લઈ રણવાસમાં આપ્યું, અને વિપ્રને પણ કેટલુંક દ્રવ્ય આપ્યું જેથી તે આશીષ દેતો ઘેર ગયો.

આણી મેર છવરામ ભટ ઘેર આવીને જોય છે તો તેમની ગંગા ભટાણી પોતાના દરીદ્રતાનું કલ્પાંત કરતી જણાઈ.

ગંગા—(તેની બાઇડી)

ગાયન.

પ્રભુ દુઃખ દરિદ્રતાનું ચોંટયું ભાલે
દીન ભુખ્યાં રંઝાણા છે કાલે.—ટેક
ભીખોને ભાણો ભુખે બડબડે,
હાંડલી ઘરમાં તડતડે.—પ્રભુ.
પતિ મારો છે નિર્ધન પુરો,
કહું ત્યારે થાય શુરો.—પ્રભુ

ગાઇ રહે છે એટલે છવરામ ભટ આવે છે.

છવરામ—અલી! આપણી દરીદ્રતા હવે તો દુર થઇ પણ તું હમણાં શું બડબડતી હતી તેતો કહે?

ગંગા—શું બડબડે? જુઓછો કેની કે આ બંન્ને બાળકો ભુખે પડયાં છે અને એની તમને કાંઈ ફીકર થીંતાછે! તમો તો આખો દીવસ જ્યાં ગમે ત્યાં ભટકોછો!

જીવરામ—રાંડ તો મારો જીવ ખાઈ ગઈ. પણ લે આ ખડીયો, ને જોકે એમાં શું છે? પછી તારી હાય વાય ને હૈયા પીટ કરજે.

ગંગા—એમાં તે શું હશે? તમારૂં કપાળ.

જીવરામ—જરા અંદર જો તો ખરી. હવે આપણે તો જનમના સુખીઆરા થઈ ગયા.

ગંગા—(ખડીયામાં જોઈ) આ ક્યાંથી ચોરી લાવ્યા? જાઓ જાઓ જ્યાંથી લાવ્યા હો ત્યાં પાછું મુકી આવો, નહી તો પુરા રખડી મરશું. હમો કાંઈ એવું હરામનું ખાવા ઈચ્છતાં નથી. ખરી મહેનત કરી પૈસા લાવોતો સુખે ખાઈએ.

જીવરામ—રાંડ બેશી રહે, બેશી રહે. જોયું તારૂં ડહાપણ. હું તો ગમે એમ કરી લાવ્યોછું તારે રાખવુંછે કે નહિ?

ગંગા—નહિ! નહિ! હું એવો ચોરીનો માલ રાખતી નથી. મારાં છોકરાં હમણાંજ ભુખે તરફડી મરેતો એ શું, પણ હું ચોરીનો માલ નહી રાખું.

જીવરામ—રાંડ લે લે, એ કાંઈ ચોરીનું નથી. એ તો રાજાએ મને બક્ષીસ કીધુંછે.

ગંગા—શું, રાજાએ! એવું તે તમોએ શું રાજાનું કામ કીધું કે તમને આટલું બધું આપ્યું.

જીવરામ—મારાપર શંકર પ્રસન થયા અને તેની પ્રસાદીનું શીશ રહેલું જળ મળ્યું તે મેં રાજા સાહેબને ભેટ કીધું તેના બદલામાં આ મને આપ્યું.

ગંગા—ત્યારે તો આપણે હવે સુખીઆ થયાં.

રાજાએ જે પાણી રાણીને આપ્યું હતું તે પાણી રાણીએ પોતાના રાખેલા યાર પઠાણને આપ્યું અને કહ્યું કે આ પાણી આપણે પીને અમર થઈશું. રાજાના આવરદા

ફુરા થયા બાદ આ રાજ્યની ગાદી ઉપર હું તને નીમીશ. પણ આ જળ હાલમાં તારી પાસે રાખ.

પઠાણે જળ પોતાની પાસે રાખ્યું. પણ એક દિવસે મેફીલની અંદર નીશામાં બેઠો હતો તેથી નીશાંની બહારમાં તે પાણી ઉસ્તાદ મસ્તાનશાહને આપ્યું. બીજે દિવસે મસ્તાનશાહ રાજાની કચેરીમાં ગયો ત્યાં આગળ તે જળ રાજાને અર્પણ કીધું. રાજાએ પોતાના હાથમાં લઇ તુરત જોયુ અને પુછ્યું કે આ પ્રવાહ તુ કયાંથી લાવ્યો?

મસ્તાનશાહ—આ પ્રવાહ મને એક પઠાણે મારા ગાયન પર આફરીન થઈ મને આપ્યુ; અને તે આપ નામદાર સાહેબ પાસ લાવ્યોછુ તે સ્વીકારશો.

રાજાએ આ પ્રવાહ તરતજ પીછાન્યું અને મનમાં બોલ્યો કે આ તો મેં મારી રાણીને આપ્યું હતું, પણ હાલ તો એજ ઠીકછે કે પુરતી તપાસ કરૂં ત્યાં સુધી નીર મારી પાસે રાખું. પછી જોઇ લઇશ.

રાણી પાસે રાજાએ પોતે આપેલું નીર માગ્યું.

રાણી—તે જળ તો હું તરતજ પી ગઇ હતી. વળી આજે એમ કેમ પુછોછો? શુ મારાપર વિસ્વાસ નથી આવતો?

આ શબ્દો સાંભળી રાજા બહુજ ગુસ્સે થઇ નીર બતાવી કહ્યું, લે જો કુલટા આ શું?

રાણી વીસ્મય થઇને બોલી કે પ્રાણપતિ, હું સ્નાન કરવા ગઇ હતી તે વખતે મેં નીર બહાર મેલ્યું હતું તે કદાચ દાસી અથવા તો તમો લઇ ગયા હશો. અગર મહારાથી પી જવાયું હોય તે વિશે મને પુરતી ખબર રહી નથી. રાજા આ સાંભળી અત્યંત ક્રોધાવેશમાં આવી ગયો અને તરતજ મસ્તાનશાહને કહીને પઠાન કયાં રહેછે તેની તપાસ કરાવી તેને બોલાવી મંગાવ્યો. પઠાન આવ્યા બાદ ખુલાસાવાર પુછતાં તે ગભરાયો અને છેવટે લથડતી જીભે બોલ્યો કે આ—પ—પ—પ રાણી—મ—ને—ને—રા—ણી—ત—ત—ર—ફ—થી—મ—ળ્યું—હ—હુ—હું—મા—રો—દો—ષ—ક્ષ—મા—ક—રરો.

રાજા આ શબ્દોથી બહુ ઝનુનમાં આવ્યો અને પહારાગુ-ને તથા રાણીને કતલ કરવા હુકમ કીધો.

જ્યારે આ સઘળો ઈન્સાફ ચાલતો હતો ત્યારે વજીર પણ ત્યાં આગળ હાજર હતો, તેથી રૂપવતીએ તેને જે ચીઠી આપી હતી તે રાજાને આપી. આ ચીઠી વાંચી રાજાનું હૈયું અત્યંત ભરાઈ આવ્યું.

ગાયન.

(આતો ઝેર અંગ બધે વ્યાપી ગયું)—એ રાહ.

ચંદ્રસેન—અઘટીત કર્મ કર્યું, પુત્રનું મેં સુખ તર્યું,
વગર તપાસ વિના આ શું કૃત્ય મેં જ કર્યું.

દુષ્ટ સ્ત્રીએ જાર કર્યો પાપ માથે મેં ભર્યું,
પુત્રનો મેં ઘાત કર્યો પાપમાં ન કોઈ તર્યું.

જીવ તો મુઝાય મારો રાજ્યનું ન રહ્યું,
હવે શો ઈલાજ કરૂં પાપમાંથી કેમ તરૂં.

અરે ચંદ્રસેન, આ તેં શું કર્યું? શું તેં સ્ત્રીઓ વિષે કોક શાસ્ત્ર વાંચ્યું નહોતું? તથા પુરુષ કરતાં સ્ત્રીને આઠગણો કામ વાપેછે તે શું તું નહોતો જાણતો? હાય! મારૂં સર્વસ્વ ગયું! મારો એકનોએક પુત્ર, જેને મેં વગર અપરાધે ગુનેગાર ઠરાવી મારી નખાવ્યોછે! બસ, બસ! હવે આ દુઃખ ખમાતુ નથી! (કમરેથી કટાર કહાડી બોલ્યો) આ કટાર વડે મારૂં જીગર ચીરી નાંખુ તો બસ છે.

આ શબ્દો સાંભળી તરતજ વજીર આગળ આવી લાગ્યો અને રાજાના હાથમાંથી કટાર છોડાવી કહ્યું કે નામદાર, આપ ધીરજ રાખો. તમને આટલું બધું કરવું ઘટારત નથી. તમો પ્રથમથી કાંઈ પણ સમજ્યા નહિ, અને હવે હાથ ઘસોછો, પણ ધીરજ રાખો મેં તેને જીવતો છોડાવ્યોછે.

ચંદ્રસેન—જો જીવતો હોયતો તેની તપાસ કરાવો કે તે ક્યાંછે. આજ ઘણો વખત થયા મેં તેનું મુખ જોયું નથી

તેથી મારૂં હૈયું હવે બળી ખાખ થાયછે, વજીર! તમો પોતે જઇ એની તપાશ કરો કે તે કયાંછે. જ્યાં હોય ત્યાંથી તેને મારી આગળ લાવો, હું તેને જોવાને ઘણોજ ઇંતેજારછું.

વજીરે રાજાના કહેવા પ્રમાણે જંગલોમાં ઘણો શોધ કીધી પણ કાંઇ માલમ પડયો નહિ.

પ્યારા વાંચનારાઓ રૂપસીંહ કયાંછે તે તરફ જુવો.

તે અલખ શેહેરમાં રાજ્ય ચલાવેછે. હવે તેને વિચાર કીધો કે મને મારા પીતાનો દેશ છોડયાને ઘણોક વખત થઇ ગયો છે પણ તે હાલ કોણ જાને કે'વી હાલતમાં હશે માટે મારે તેને જઇ મળવું જોઇયે. એમ ધારી પોતાના વજીરને પોતે આવે તેટલો વખત રાજ્ય કારભાર ચલાવવા કહી કેટલુક લશ્કર સાથે લઇ ચંદ્રાબાદ તરફ જવા નીકળ્યો. આઠ દીવસ કુચ કરતાં કરતાં થાકી ગયા પછી માર્ગમાં વીસામો લીધો. માત્ર પોતાના પીતાને દેશ પોહોંચવાને એકજ દીવસનો રસ્તો બાકી રહ્યો હતો.

ચંદ્રસેન રાજાને એવી ખબર પડીકે આપણા ઉપર કોઇનું લશ્કર ચઢાઇ કરવાને આવેછે. તેથી રાજાએ વજીરને બોલાવી કહ્યું કે આપણા ઉપર કોનું લશ્કર આવેછે તે જુઓ. પણ બનતાં સુધી તેની સાથે સુલેહ કરજો. (મનસે) હા! જો આ વખતે મારો પુત્ર હોત તો કેવો કામ આવત!

વજીર ઘોડેસ્વાર થઇ નીકળ્યો.

રૂપસીંહે પોતે હવે કુચ કરવી શરૂ કીધી.

રૂપસીંહે સામેથી આવતા સવારને તરતજ પીછાન્યો કે આ તો મારા બાપનો વજીર કે જેને મારો પ્રાણ ઉગાર્યો હતો તે આવેછે માટે જલદીથી જઇ તેને મલુ.

એકેકને અરસપરસ ભેટયાં. રૂપસીંહે પોતાના પીતાની હકીકત પુછી સાથે ચાલવા માંડયું.

હવે વજીરે આગળથી એક સવાર મોકલી રાજા ઉપર કહેવાડયું કે તમારો પુત્ર રૂપસીંહ ભારે દબદબાથી આવેછે. આ પ્રમાણેના ખુશી ભરેલા શબ્દો શાંભળી રાજા પોતે મળ-

વાને સામે આવ્યા. રૂપસીંહે પોતાના પીતાને આવતા જોઈ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો, અને પોતાના પીતા આગળ જઈ નમસ્કાર કરી ભેટી પડયો. ભારે ઠાઠમાઠથી શેહેરમાં દાખલ થયા આ વખતે શેહેરમાંના લોકોની ખુશાલીનો તો પારજ નહિ. રાજા પોતાના છોકરા પાસે માફી માગી બોલ્યો કે તારૂં કહેવું સત્ય ન માનતાં મેં તેં નીચનું જુઠું પ્રપંચ સાચું માની તને શીક્ષા કીધી.

રૂપસીંહ—પીતાજી, એમાં તમારો કાંઇ કસુર નથી. તમો પશ્ચાતાપ નહિ કરો. જે બનવા કાળ હતું એ બન્યું. નસીબ આગળ કોઈનું કાંઇ ચાલતું નથી. કાળ કોઇને મુકતો નથી. પીતાજી તમો જાણોછો કે સ્ત્રી જાતમાં જેટલા પ્રપંચ છે તેટલા પુરૂષમાં નથી. દેશોમાં ખુન થાયછે, મારામારી થાયછે એ સઘળું સ્ત્રીથી બનેછે અને માત્ર પેટને માટે પાણ બનેછે.

આવા માયાળુપણાના ધીરજના શબ્દોથી રાજા ઘણો-જ ખુશી થયો અને રૂપસીંહ આવી રાજદારી હાલતે કેમ પહોંચ્યો તે વીશે પુછ્યું. રૂપસીંહે પોતાના સુખ દુઃખની વાતો રાજાને વીસ્તારથી કહી.

આ બનાવને બે વર્ષ વહી ગયા પછી રૂપસીંહને રાજાએ પરણાવવાનો વિચાર કીધો. ઘણાક દેશોથી માગાં આવતાં પણ રૂપસીંહ ના કહેતો. અને પોતાના પીતાને કહેતો કે જો હું પરણું તો ચંદ્રપ્રભાની છોકરી રૂક્ષ્માણી સાથે પરણું.

રાજા—એતો આપણો શત્રુછે તે કેમ બને?

રૂપસીંહ—જો પીતાજી તમો આજ્ઞા આપોતો હું પોતે તેમ કરી તે છોકરી સાથે મારાં લગ્ન કરૂં.

રાજા—બેટા, તારાથી અધીક શું છે? હું તને ખુશીથી આજ્ઞા આપુછું. પણ તે પોતાની છોકરી કેમ તારી સાથે પરણાવશે?

રૂપસીંહ—પીતાજી, એ વાતની તમારે કસી ચીંતા કરવી નહિ.

રૂપસીંહ રજા લઈ ત્યાંથી નીકળ્યો.

હે મારા પ્રિય વાચનારાઓ, ચંદ્રમબોધના માણીપુર શેહેરમા શુ બનેછે તે તરફ જુઓ.

માણીપુરના રાજા ચંદ્રમબોધની છોકરી રૂક્ષમાણી દીવાની બની ગઈછે. તેણીને રૂપસીંહ વિષેના વિચારો યાદ આવેછે. એના વિચારમાંને વિચારમાં પોતે ગાંડી બની ગઈછે.

રાજા ચંદ્રમબોધનો એવો હુકમ થયો હતો કે જે કોઈ મારી છોકરીને સારી કરે તેને એ છોકરી સાથેજ પરણાવી મારી રાજ્ય ગાદી પણ તેને સોંપુ. માણીપુરના તબીબો એટલુજ નહી પાણ બીજા દેશના હકીમો આવી ગયા હતા પણ કોઈને હાથે આરામ થતું નહોતું. સઘળા નિષ્ફળ થયલા હકીમોને રાજા કેદખાનામાં નાખતો, આ વાત બધા દેશોમાં પસરી રહી હતી તેની રૂપસીંહને ખબર પડી તેથી પોતે હકીમનો વેષ ધારણ કીધો, અને મણીપુર તરફ નીકળ્યો. દરીઆઈ રસ્તે એક મહિનો મુસાફરી કરી સહીસલામત મણીપુર પહોચ્યો અને રાજા ચંદ્રમબોધ આગળ જઈ કહ્યું, "આપ નામદાર સાહેબની પુત્રીને સાજી કરવાની મારી ખાચેશછે. માટે આપ હુકમ ફરમાવશો."

ચંદ્રમબોધ—તારા જેવા તો આ દેશમાં ઘણાક આવી ગયા પાણ કોઈથી કાઈ ઉપાય બનતો નથી ત્યારે તું શુ કરવાનોછે?

હકીમ—(રૂપસીંહ) નામદાર સાહેબ, જો મારાથી કાંઈ જ તફાવત નહી પડેતો જે સર્વના હાલ કીધાછે તે પ્રમાણે મારા પણ કરજો પણ હું તેણીની આગળ જઈ મારી દવાનો ઉપયોગ કરવા ઇચ્છુછુ.

ચંદ્રમબોધનો હુકમ થતાંજ તે હકીમને સોનાની પાળખીમાં બેસાડી ત્યા આગળ લઈ ગયા. હકીમ મેહેલમા દાખલ થયો અને પોતે એવો હુકમ કીધો કે એ જે ઓરડા-

માંછે ત્યાં આગળ કોઈ આવે નહી. હું જ્યારે દવા ખવાડી જાઉં ત્યારેજ દાસીઓએ અંદર જવુ. હકીમ રૂક્ષ્મણીના ઓરડામાં દાખલ થયો અને તેણીના પલંગ આગળની સોનાની ખુરશી પર બેઠો અને પુછ્યુ કે તમને શુ દરદ થાયછે? જે હોયતે સાચુ કહો.

રૂક્ષ્માણી—જે દુઃખ મનેછે તે જો હું તમને કહું તો તમો હકીમ શા ખપના. તમો હકીમ થઈને આવ્યા છો તો પારખોકે મને શું દરદ છે?

હકીમ—હું તમારૂ સર્વે દુઃખ તમને જોતાંવાર પારખી ચુકયોછું, ને મારીજ દવાથી તમને આરામ એકદમ થશે.

રૂક્ષ્માણી—તમારા શબ્દો કાંઈક બેહી માલમ પડે છે. તમારા દેખાવપરથી તમો કાંઈ હકીમ હો એમ લાગતું નથી. જ્યાં છો ત્યાં કોઈ શુરવીર છો. પણ તમારૂં નામ શું? અને તમો ક્યાંના રહીશ છો?

હકીમ-તમારે કાંઈ પુછવાની જરૂર નથી. હાલ હું તમને જે દવા પાઉં તે પીઓ તો તમને તરતજ આરામ થશે. એમ કહી થોડુંક પાણી લઈ તેમાં પેલો મોંરો નાંખતાં રૂક્ષ્મણીને કહ્યું કે જુઓ હું આ દવા પાણીમાં માત્ર એકજ મીનીટ રાખું છઉં. પછી કહાડી લઈશ એટલે તમો આ પાણી પી જજો. રૂક્ષ્માણી આ મોંરો જોઈ વિચારવા લાગી કે રૂપસીંહ ક્યાં છે. પાણી પી પોતે પલંગપર એકદમ બેઠી થઈ અને બોલી કે તમારા વીનાજ હું દીવાની થઈ ગઈ હતી. પણ હવે ખરૂં કહો કે તમો કોણ છો?

રૂપસીંહે પોતાનું ખરૂં નામ ઠામ જાહેર કીધું, કે તરતજ બન્ને અરસપરસ ભેટી પડયાં. આ વખતે તેઓની ખુશાલીનું પુછવું શું? દુઃખ તો તરતજ મટી ગયું. દુઃખ માત્ર એના પ્યારનુંજ હતું. રૂક્ષ્માણી તેને સાથે લઈ પોતાના પીતા આગળ ગઈ અને બોલી કે પીતાજી તમારા કોલ પ્રમાણે હું આ હકીમની થઈ ચુકીછું, એને મને પોતાની દવાથી સારી કીધી છે.

ચંદ્રપ્રબોધ પોતાની છોકરીને આગળની માફક સારી હાલતમાં જોઇ અત્યંત ખુશી થયો, અને પોતાના કરાર મુજબ ઘણીજ ધામધુમથી તેઓનાં લગન કીધાં, તથા રાજ્ય પણ રૂપસીંહને સોંપ્યું. આ વખતે રૂપસીંહે સર્વે હકીમો જે કેદમાં પડયા હતા તેઓને છોડી મેલ્યા અને પોતે સારી રીતે અદલ ઈનસાફથી રાજ્ય ચલાવવા લાગ્યો.

એક દીવસે રૂપસીંહે ચંદ્રપ્રબોધને કહ્યું કે મારા પીતા ચંદ્રસેનને હું મળવા જાઉંછું તેથી તમો પેહેલાંની માફક રાજ્ય ચલાવજો. ચંદ્રપ્રબોધ રાજાને રાજ્ય સોંપી પોતે ઘણુંક સૈન્ય લઈ પોતાના બાપ ચંદ્રસેનના દેશમાં જઈ પુગ્યો અને પોતાના પીતાને સર્વે હેવાલ કહયો.

ચંદ્રસેને પોતાનું રાજ્ય પોતાના છોકરા રૂપસીંહને હવાલે કીધુ. હવે રૂપસીંહે ચંદ્રઆબાદ, મણીપુર, અને બલખ એ ત્રણે શેહેર સાથે જોડી દીધાં, અને ભારે દબદબાથી રાજ્ય ચલાવવા લાગ્યો.

આ બનાવને છ માસ પછી ચંદ્રસેન રાજા મરણ પામ્યો, તેથી શેહેરમાં બહુજ દીલગીરી ફેલઈ ગઈ. રૂક્ષમણીને હમેલ હતા તેથી નવ મહિના પુરા થયા બાદ તેને ત્યાં એક પુત્રનો પ્રસવ થયો. રૂપસીંહે તેનુ નામ જયસીંહ પાડયું. આ વખતે વજીરને ત્યાં પણ એક પુત્રનો જન્મ થયો તેથી વજીરે તેનું નામ ચતુરસીંહ પાડયું. આ બંને બાળકો બચપણથીજ ઘણા ચતુર દીસતા હતા.

રૂપસીંહ રાજાને એક રાત્રે સ્વપનું આવ્યું કે ઉઠ, તારો હાલ નચીંત થઇ સુવાનો વખત નથી. તારા શેહેર ઉપર ચઢાઈ કરવાને લુટારાનું લસ્કર આવે છે માટે જલદીથી તૈયારી કર. આખરે તારો જય થશે. આ સ્વપનાથી રૂપસીંહ ચોંકીને ઉઠયો અને એ વાત તરતજ વજીરને બોલાવી કહી.

વડો એક કાસદને લશ્કર આવે છે કે નહીં તે જોવાને મોકલ્યો. લુટારાનું લશ્કર એકદમ જોસથી આવતુ જોઇ કાસદે જલદીથી આવી રાજાને ખબર કહી.

સાંભળી રૂપસીંહ રાજાએ લશ્કર જલદીથી તૈયાર કરાવ્યુ અને પોતે ઘોડા ઉપર સવાર થઇ લશ્કરને કુચ કરવાને ફરમાવ્યું. બંને લશ્કર સામસામુ થઇ ગયુ, અને ભારે લડાઇ થઈ. રૂપસીંહે કેટલાકને માર્યા અને ઘણાકને ઘાયલ કીધા. આ બનાવથી લુટારાનો સરદાર બ્હીને નાઠવા લાગ્યો. રૂપસીંહે તેની પુઠ પકડી, ઘણે દુર એક બીઆબાન જંગલના બંને નીકળી ગયા. રૂપસીંહે આખરે તેને પકડયો અને કતલ કીધો. પોતાને ઘણી થાક લાગી હતી તેથી ઘોડા ઉપરથી ઉતરી એક ઝાડ હેઠળ વીસામો લીધો. આસરે એક કલાક વિસામો લીધા પછી ઘોડા ઉપર સ્વાર થઇ આગળ ચાલે છે એટલામાં સાંમેથી એક રાક્ષણીને પોતાની તરફ જોરથી આવતી જોઇ. તેણી ઘણીજ ઝડપથી ઘોડા આગળ આવી પોહાચી, રૂપસીંહનું રૂપ જોઇ આશક પડી, અને બોલી કે, તું આ રાક્ષસી જંગલમાં કયાંથી આવી ચઢયો? ચાલ મારી સાથે સોબત કર. જો નહિ કરસે તો એક બુમ પાડી મારા રાક્ષસને બોલાવીસ.

આ શબ્દો રૂપસીંહને તો બાણ જેવા લાગ્યા પણ તેણીના શબ્દોથી બીધો નહિ.

રૂપસીંહ— **ગાયન.**

(અયશા ઘોકા દેને વાલે)—રાહ.

અરે જા રે નીચ નારી. તું છે કુળની નઠારી (૨)<br>
ભક્ષ તો પડાવનારી, આબરૂ ગુમાવનારી—ટેક.

શુ તુ સમજાવનારી, લાગુ ત્યાં વદ વિચારી,<br>
યક્ષણી કરે તું સંગ, ભુતોથી રમે તું રંગ,<br>
આણી મનમાં ઉમંગ, ભુંડેલ એવા તારા ઢંગ<br>
બોલ ને વિચારી બોલ, ઉતારીસ તારો તોલ<br>
વધુ બોલ નહિ બોલ, કરીસ તું રગારોળ<br>
તારી પ્રેતની છે જાત, જેવી કુતરાની ચાટ

બીતા ચાલે લોકો વાટ, તારૂં મુખ અહીંથી દાટ
બસ બસ જા છું દુર નથી ગમતું તુજ નુર.

રાક્ષસણી—બોલ જલદી કર, વીલંબ નહિં લગાડ. ગરબડ છોડ નહી તો આખર થશે તારો બગાડ.

રૂપસીંહે આખરે તેણીને પોતાના તીર વડે જમીન-દોસ્ત કીધી. તીરના કારી જખમથી એક બુમ પાડી મરણ પામી. આ બુમ સાંભળી તુરતજ રાક્ષસ આવી પહોંચ્યો, અને રાક્ષસણીને મરણ પામેલી જોઇ બોલ્યો આને મારનાર કોણ છે? રૂપસીંહે દ્રઢપણાથી જવાબ દીધો કે "આ દુષ્ટ પોતા-નાજ પાપના ઈનામ આપવાને તે ઈશ્વર પાસે ગઈ છે."

રાક્ષસ ગુસ્સે થયો ખરો પણ તેનું રૂપ અને હિંમત જોઈ દયા લાવ્યો.

રાક્ષસ—તું મારી સાથે ચાલ નહીં તો તારો નાશ કરીશ.

રૂપસીંહે વિચાર્યું કે જો હું હમણા એની મરજી નહિ સાચવું તો જરૂર એ મારો પ્રાણ લેશે. એવું ધારી તેની સાથે ચાલ્યો. તે એક અંધારાગારમાં તેને લઈ ગયો, કે જ્યાં પોતાનું રહેઠાણ હતું. માત્ર એકજ દીવસમાં તેઓની બને દો-સ્તી થઈ. રૂપસીંહ તેની આસનાવાસના બરોબર કરતો તેથી રાક્ષસ એના ઉપર વધારે પ્રસન્ન રહેતો. બીજે દીવસે રૂપસીંહે તેને કહ્યું કે જો તમારૂં મોત નહી હોય તો કેવું સારૂં, કારણ કે મને તમારી સાથે બહુજ મિત્રી થઈ છે તેથી જો કદાચ તમો અચાનક મરણ પામો તો મને કાંઈ તમારા વના ચેન પડે નહી.

રાક્ષસ—આપણી સામે જે વાડીછે તેમાં એક તળાવ છે અને તે તળાવમાં ઝાડછે તેના ઉપર વચમાં એક ફુલછે તે તોડે તો મારૂં મોત થાય. પણ એ કોઇથી બને પણ નહી ને હું મરૂંબી નહીં.

રૂપસીંહ—એમછે ત્યારે તો બહુંજ સારૂં. એ જાણે કોણ? આ કામમાં કોઇની હિંમત ચાલે એમ નથી (માત્ર ઉપ

ર પરથીજ રૂપસીંહ એમ બોલતો પણ અંદરખાનેથી એનો ઘાટ ઘડવાના વિચારમાં હતો.)

રાતને વખતે જ્યારે રાક્ષસ સુઈ ગયો ત્યારે તેના કહેવ પ્રમાણે રૂપસીંહ વાડીમાં ગયો અને તળાવ જોવામાં આવ્યું. તેમાં પણ નાગના ફારાની મદદથી ગયો અને ઝાડ ઉપરથી ફુલ તોડ્યું. પાછો આવીને જુવેછે તો રાક્ષસ મરણ પામેલો જોયો.

પોતે ઘોડે સ્વાર થઈ ચંદ્રાબાદ શહેર તરફ રવાને થયો. સહીસલામત રીતે પોતાના શહેરમાં આવી પહોંચ્યો અને સારી રીતે રાજ્ય ચલાવવા લાગ્યો.

રાજા રૂપસીંહનો છોકરો જયસીંહ તથા વજીરનો છોકરો ચતુરસીંહ એ બને ૧૪ વરસની વયે ભણીગણી હોશીયાર થયા. તેઓ બનેને ગાયનનો બહુ શોખ હતો તેથી દરરોજ શીખતા હતા. એ બેઉને એવી દોસ્તી હતી કે એક એક વના કોઇને ચાલતું નહોતું. એક દિવસે તેઓ બંને શિકારે ગયા ત્યાં આગળ એક હરણ માલમ પડયાથી તેની પાછળ ગયા અને પોતાના તીર ફેંક્યા. જેમાં ચતુરસીંહનો તીર લાગ્યાથી હરણ મરણ પામ્યું, અને જયસીંહનો તીર માત્ર ખાલી ગયો. આ બેઉ જણ વચ્ચે તકરાર ચાલી; એક કહે કે મેં માર્યો છે અને બીજો કહે મેં માર્યો છે.

વાદવીવાદ વધી ગયો, તેથી પોતાના શહેરમાં પાછા આવ્યા. રાજાનો છોકરો જયસીંહ હમેશ દલગીર રહેતો અને ખાતો પીતો નહીં હતો તેથી—

રૂપસીંહ—કેમ બેટા તું દલગીર દેખાય છે ! અને ખાતો કેમ નથી તને શું છે, જે હોય એ મને કહે ?

જયસીંહ—વજીરના છોકરા ચતુરસીંહે મારૂ અપમાન કીધું છે એટલુંજ નહીં પણ જુઠું બોલ્યો છે. (હયાં આગળ રાજાને શિકારની વાત કહી તેમાં પોતે હરણ માર્યું છે એમ કહ્યું) માટે એને ગરદન મારવો જોઇએ, જો એ પ્રમાણે નહિ કરશો તો હું વીખ ખાઈ મરી જઈશ.

આ. સઘળું વજીર ત્યાં આગળ ઉભો ઉભો સાંભળતો હતો તેથી જયસીંહ આગળ જઈ તેને ધીરજ દઈ કહયું કે હું એને હમણા બોલાવી મંગાવુંછું, પછી તમારે ગમે એવી સજા ફરમાવજો. વજીરે ચતુરસીંહને ઘેરથી બોલાવી મંગાવ્યો.

જયસીંહ—(ચતુરસીંહને જોઈને) હજીબી તું સાચુ બોલ કે હરણ કોને મારયું છે. જો જુઠુંજ બોલશે તો ખાતર ખચીત તારૂં મોત છે.

ચતુરસીંહ—હરણ તો મારેજ તીરે મરણ પામ્યું છે. તમારે જોઈએ તેમ કરો પણ હું કદી જુઠું બોલનાર નથી.

જયસીંહ બહુજ ગુસ્સે થયો અને પોતાના પીતાને કહ્યું કે આ હજીબી પોતાની હઠ છોડતો નથી માટે એને જલદીથી ગરદન મારવાનો હુકમ કરો નહીં તો હું મરીશ.

રૂપસીંહ મનમાં વીચારવા લાગ્યો કે આ કદી પોતાની હઠ છોડનાર નથી, તેથી વજીરને પોતે ઈસારતથી તેના છોકરાને કોઈ ઠેકાણે સંતાડવાને સુચવ્યું. અને પાછળથી બોલ્યો કે વજીર આ તારા છોકરાને તારે હાથે કતલ કર.

વજીર—રાજા સાહેબ હું મારી આંખના તેજનો મારે હાથેજ નાશ કરૂં એ કેમ બને, માટે બીજાને હુકમ કરો.

વજીરે એક જલાદને શીખવી રાખ્યો હતો કે મારા છોકરાને ગરદન મારવાનો જેવો તને હુકમ કરે કે તું એને મારે ઘેર લઈ જજે. રાજાએ જલાદને બોલાવી ચતુરસીંહને ગરદન મારવા લઈ જવા ફરમાવ્યું.

જયસીંહે ફરીથી ચતુરસીંહને કહયુ કે હજી બી તું હઠ છોડે છે કે નહી?

ચતુરસીંહ ગંભીરપણે બોલ્યો, નહિ! નહિ! કદી નહિ!

જયસીંહ— જા ત્યારે તું એ શીક્ષાને પાત્ર છે.

વજીરના કહેવા પ્રમાણે જલાદ ચતુરસીંહને તેને ઘેર લઈ ગયો. વજીરે પોતાના છોકરાને બહુજ સંભાળથી છુપી રીતે રાખ્યો.

* * *

આ બનાવને આશરે ત્રણ વરસ વહી ગયાં પછી જય-સીંહને, એક સ્વપનુ આવ્યું તે એ હતું કે એક ખુબસુરત સ્ત્રી પોતાના નાચ નખરા સહિત હાથમાં સોનાનો થાળ લઈ તેની આગળ ઉભી રહી અને બોલી કે તારા મીત્રને ગુનેહ-ગાર ઠેરવી તેં જે શાસા કીધી તે કરતાં તું જરા પણ નહીં લજવાયો ? તારા સર્વ કામમાં તને મદદ કરતો અને વળી તારા કરતાં વધારે હોશિયાર હતો. આવો ક્રુર હુકમ કરતાં તને તારી છાતીમાં તીર પણ નહી લાગ્યા. તું યાદ રાખજે કે આખરે તને એનું કામ પડશે, હજી એ જીવતો છે માટે એની ખોળ કઢાવી તું એને લઈ મારે દેશ આવ (એમ કહી તેણીએ થાળમાંથી એક કસ્તુરી હાથમાં લઈ પાછી મેલી અને એકદમ ગેપ થઈ ગઈ.)

જયસીંહ આ સ્વપનું જોઇ એકદમ ચોંકી જાગત થયો અને જુવે છે તો કોઈ મળે નહી. પણ તે સ્ત્રીની મનમોહન મુર્તિ હજી સુધી તેની આંખ આગળ તાજી દીસતી હતી. વીચારમાં ને વીચારમાં પાછો સુઈ ગયો. સવાર પડતાં ઉઠી વીચારવા લાગ્યો કે જે સ્ત્રી કસ્તુરી હાથમાં લઈ બોલી કે મારે દેશ આવજે તે શું ભેદ હશે. આ વખતે મારો મીત્ર ચતુરસીંહ હોત તો મને એ વાત નો જવાબ દેત, પણ હવે શું કરું ? ખરે! પણ તેણીએ કહ્યું છે કે ચતુરસીંહ હજી જીવ-તો છે, માટે ચાલ મારા પીતા રૂપસીંહ આગળ જાઉં અને જયાં હોય ત્યાંથી તેને ખોળી કઢાઉં.

(રૂપસીંહ આગળ જઈને)

જયસીંહ- અરે પીતાજી, હું કેવો મુરખ કે મેં મારા મીત્રને માટે આવો ઘાતકી હુકમ કીધો ? ખરે, તે નીર-અપરાધી છે. મેં બહુજ ક્રુર ગાંડનું કામ કીધું છે ! હવે તેની જુદાઈ મારેથી સહેવાતી નથી. અરે પીતાજી, જયાં હોય ત્યાંથી

એને મારી નજદીક બોલાવી મંગાવો! હરામ તો તેનોજ છું છો! પણ મેં જાનને મારવું એ કામ કીધું છે. હે પરમાત્મા! મને માફ કરજે. ખરે મેં બહુજ ખોટું કીધું.

રૂપસીંહ—(પોતાના છોકરાને પશ્ચાતાપ કરતો જોઈ) વજીર, તમારા છોકરાને લઇ આવો, જાઓ જલદીથી લઈ આવો. હા! કેહેવત છે કે, બાળ હઠ, સ્ત્રી હઠ, જોગી હઠ અને રાજ હઠ ખરેખર એ હઠ બહુજ બુરી છે.

વજીર રાજાનો હુકમ થતાંજ પોતાના છોકરાને કચેરીમા લઇ આવ્યા. આ વખતે એક સોદાગર થોડોક માલ રાજા આગળ દેખાડવા લઈ આવ્યો તેમાં સર્વથી સરસ એક હીરા જડીત ગુંથેલા રૂમાલ હતા તેમા કેટલાક શબ્દો લખ્યા હતા તે એવા હતા કે એકાએક કોઈથી વંચાઈ શકે નહી આ રૂમાલની ગુંથણી જોઈ સૌ વિસ્મય થયા. કચેરીમાં બેઠેલા સર્વે ગ્રહસ્થોએ રૂમાલ જોયો, જયસીંહે પણ જોયો. તેનાં એમને માલમ પડ્યુ કે આમાં કાંઈ શબ્દો લખેલા છે, પણ શું છે તે વંચાઈ શકાતું નથી ચતુરસીંહ તે રૂમાલ જોવા માંગ્યો. ને બે ત્રણવાર ફેરી ફેરવીને જોયો, અને અંદર જે શબ્દો લખ્યા હતા તે બરાબર ગોઠવ્યા.

જયસીંહ—ચતુરસીંહ આ રૂમાલમાં લખ્યુછે એ મને ઉકલતુ નથી. પણ તુ ઘણીજ બારીકીથી ફેરવીને જુએ છે તેથી હું ધારૂંછું કે તારી બુધ્ધીના બળે તે માહેના અક્ષરોથી તું માહીતગાર થયો હોઈશ, માટે મને તું કહેકે અંદર શું લખ્યું છે.

ચતુરસીંહ મનમાં વીચારવા લગ્યો કે જો હું એને આ રૂમાલમાં જે લખ્યુંછે તે વીશે કહીશ તો એ તે મુજબ કરવા તયાર થશે અને કદી પોતાની હઠ છોડશે નહી. પણ જોઈએ, ના, કહુ.

ચતુરસીંહ—ભાઈ મને કંઇ ઉકલતા નથી. મેં વાંચવાનો તો ઘણો પ્રયત્ન કીધો પણ શું કરૂં.

જયસીંહ—નહી, નહી, જુઠું નહીં બોલ. હુ ધારૂંછું કે તેં એ વાંચ્યાજ છે, માટે મને જલદી કહે.

ચતુરસીંહ—(ધણીજ હુશીઆર થઈને) સાંભળ ભાઈ, એમાં લખ્યું છે કે, બ્રજદેશના રાજા નંદુભાની છોકરી મેં બનાવ્યું, અને મારા ગુંઠેલા રૂમાલ સહીત જે પુરૂષ મને લગન મહાલી જોય તેનો હું મેહુરદાર થાઉં. એવું મેં સત્ય દીલથી વચન લીધું છે. મીત્ર જયસીંહ આ શીવાય રૂમાલમાં બીજું કાંઈ નથી લખ્યું.

જયસીંહ આ વખતે સભામાંતો કાંઈ બોલ્યો નહીં. પણ એકાંતમાં જઇ ચતુરસીંહને સમજાવ્યો કે ગમે તેમ કરી આપણે એને દેશ જઈને લઈ આવવી જોઈએ. હું મારા પીતા પાસેથી છ માસની રજા લઈશ પણ તારે મારી સાથે મદદને માટે આવવું પડશે. કારણ કે તારા સીવાય એ કામ કોઈથી બને નહીં. તું તૈયારી કરી રાખજે હું પણ મારા પીતાની આજ્ઞા લઈ મુકીશ.

બીજે દીવશે જયસીંહે પોતાના પીતાને આજ્ઞા કરી કે પીતાજી, ચતુરશીંહે જે પેલા હીરાજડીત રૂમાલમાં વાંચ્યું તેજ પ્રમાણે મારે કરવું જોઈએ. જો તમો આજ્ઞા આપો તો તે દેશ જઈ તેણીને હું પરણી લાઉં. પીતાજી. જુઓ તમોએ કેવી કેવી બહાદુરીઓ કરી છે. અને હું પણ તમારૂંજ બાળ છું તેથી શું મારે બેસી રહેવું જોઈએ. મારે પણ સુરવીર કામો કરવાં જોઈએ. માટે ખુશીથી રજા આપો.

રૂપસીંહ—બેટા, તારૂં કહેવું ખરૂં છે, પરંતું હું તને એકલો કેમ મોકલુ. જો તારે જવુંજ હોય તો ચતુરસીંહને સાથે લઈને ખુશીથી જા પણ તારે છ મહીનાની મુદતમાંજ પાછું આવવું પડશે, નહીં તો હું તારી જુદાઈના બળાપામાં મરી જઈશ.

જયસીંહ—પીતાજી. એ વાતની કાંઈ ચિંતા કરો નહી. હું બરોબર મારી મુદત પ્રમાણેજ તમને આવી મળીશ.

જયસીંહ તથા ચતુરસીંહ કેટલુંક જવાહીર સાથે લઈ પરદેશ જવા નીકળ્યા. લગભગ એક મહિનો મુસાફરી કીધી,

એટલે એક શહેર આવ્યું તેમાં દાખલ થયા. અને તે શહેરનુ નામ પુછતાં માલમ પડયું કે આ કસ્તુરાવતી શહેર છે. આ શહેરનું નામ સાંભળી જયસીંહને પોતાનો સ્વપ્નો યાદ આવ્યો તેથી તેની બીના ચતુરસીંહને કહી સંભળાવી, અને છેલ્લે બોલ્યો કે તેણીએ મને કસ્તુરી દેખાડી કહ્યું હતું કે વજીરના છોકરાને લઈ મારે દેશ આવજે. ત્યારે મીત્ર તે શહેર કહ્યું હશે.

ચતુરસીંહ—ભાઈ તે આજ શહેરછે. તું ધીરજ રાખ, તે સ્ત્રીને પણ આપણે ખોળી કહાડશું. ચાલો આપણે આ શહેરની રચના જોવા જઈએ.

બન્ને ઘોડે સ્વાર થઈ ભારે ઠાઠમાઠથી શહેર જોવા નીકળ્યા. રસ્તામાં મોટી મોટી ઈમારતો તથા બાગબગીચા જોઈ ખુશી થયા. એક સુંદર મહેલ આગળથી જેવા પસાર થાય છે તેવામાં તેની અગાસીપરથી એક સ્ત્રી બોલી કે અરે જુવાનો, તમો ભપકામાં કયાં જાઓ છો? આ અવાજથી બંનેએ તેના સામુ જોયું.

જયસીંહ—મીત્ર ચતુરશીંહ, આ તેજ છે. મેં એનેજ સ્વપનામાં જોઇ હતી તે એને પણ મેળવવી જોઇએ. જો એ રાજાની છોકરી હશે તો હું લઇશ, અને બીજા કોઈની હોય તો તું તારા સ્વાધીનમાં લેજે. તે સ્ત્રીએ તેઓને ઉપર બોલાવી મંગાવ્યા. અને તેઓ કોણ છે તે વીગે પુછયું.

તેઓએ પોતાનું નામઠામ કહ્યું.

જયસીંહે તે સ્ત્રીને તે કોની છોકરી છે તે પુછયું.

તેણીએ કહ્યું કે હું આ ગામના વજીરની છોકરી છું અને આ વજીરના ઉપર હું આશક છું. માટે તું એને મારે સ્વાધીન કર.

જયસીંહ—એતો કદી બને નહી! એક એવાજ કામ માટે હું નીકળ્યો છું તેથી તે કામમાં આ ચતુરશીંહ મને મોટો મદદગાર થઈ પડશે એમ ધારી મેં એને સાથે લીધો છે. પણ

હમો તે કામ પાર પાડી પાછા વળતી વખતે આ શહેરમાં આવશું ત્યારે ચતુરસીંહના તારી જોડે લગન કરી તને પણ હમારે ગામ સાથે લઇ જઇશું માટે હાલમાં તો હમને જવા દે.

ચતુર—ખુશીથી તમો તમારૂં કામ પાર પાડી વળતી વખતે આવજો.

તેઓ વ્રજદેશ માટે ઉપડ્યા. બે મહીના ઘણુંજ રંજ ખેંચી તે દેશમાં જઈ પુગ્યા. એક સારૂં જેવું મકાન ભાડે લઇ તેમાં રહ્યા. ચારપાંચ ચાકરોને પકાવા તથા બીજા પરચુરણ કામ માટે રાખ્યા, અને તે માણસોનેજ રાજાની છોકરી વીશેની હકીકત પુછી ત્યારે તેઓએ કહ્યું કે તેણી કોઈ સાથ પરણતી નથી તેનું કારણ એકે તેણીએ એક રૂમાલ ગુંથ્યો છે તેમાં કાંઈ લખ્યું છે તે કોઈ વાંચી શક્તું નથી. જો તે રૂમાલની બીના વાંચી કોઈ પુરૂષ તે પ્રમાણે કરે તો તેની સાથે પરણે. પણ આજ સુધી કોઇ તેને પરણવા આવ્યું નથી, અને તે ભેદ નહી જાણે તેના સાથે પરણતી નથી.

વ્રજદેશના રાજા ઉપર ઘણાક દેશોથી માંગાં આવતાં પણ છોકરી ના પાડતી હતી. હવે એ રાજાથી ચઢીઆતો રાજા કે જેને મનુભા દર વરસ ખંડણી ભરતો હતો, તે રાજાના છોકરાનું માંગું આવ્યું ત્યારે મનુભાએ પોતાની છોકરીને બોલાવીને કહ્યું કે આ માંગું તારે કબુલ કર્યાવના છુટકો નથી, કારણ કે આપણાં કરતાં એ મોટો રાજા છે ને આપણે એને ખંડની ભરીએ છઈએ તેથી જો ના કહેવાડશું તો એ આપણા દેશ ઉપર ચડી આવી આપણું રાજ્ય લઇ લેશે. માટે આ માંગાંની તારે હા પાડવી જોઇએ.

મંજુલા વીચારવા લાગી કે મેં ઘણાક રૂમાલ ગુંઠીને દેશો દેશ મોકલ્યા પણ તેનો ભેદ જાણી કોઇ હજી આવ્યું નથી, અને તે આમામાં મોટી થાઉછુ. એ પ્રમાણે કદાચ મારી આખી જીંદગી જાય, પણ તે ભેદનો જાણનાર ન મળે તો મારે શું કરવું? તેથી વધારે સારૂં એજ છે કે મારા પીતા જે કહે છે તે કબુલ કરૂં.

મંજુલા—પીતાજી હું એ માંગું મોટી ખુસીથી કબુલ કરૂંછું પણ તેટલામાં મારા ભેદનો જાણનાર મલી આવે તો હું મારા વચન પ્રમાણે તો તેનેજ વરીશ. હું કહુંછું એજ પ્રમાણે તે રાજાપર કંકોત્રી લખજો.

રાજાએ પોતાની છોકરીના કહેવા પ્રમાણેજ કંકોત્રી લખી બીજું તેમાં એ લખ્યું કે બરાબર આજથી એક મહિનો સ્વયંવર થવાનો છે. તેમાં મારી છોકરી જેને વરમાળા આરોપે તે તેના પતી. આ પ્રમાણે દરેક રાજાઓને સ્વયંવરમાં પધારવાને કંકોત્રી લખી.

આ વાતની ખબર જયસીંહ તથા ચતુરસીંહને પડી કે તેણીના એક મહિના પછી લગ્ન છે. તેથી આપણે હવે કાંઈ પણ યુકિત કરવી જોઈએ નહીતો ફેરો ફોકટ જશે.

ચતુરસીંહ પોતાની ચતુરાઈ લગાવી કહ્યું કે આપણને ગાતાં બહુજ સારૂ આવડેછે તો પણ આ ગામની કોઈ નાયકાને ત્યાં જઈ વધારે સારી રીતે ગાતાં તથા નાચતાં શીખીએ. પણ પહેલાં આપણે બજારમાં જઈ તરેહ તરેહના સોનેરી પોપાકો નાચ કરવાને માટે ખરીદી લાવીએ. પછી નાયકાને ત્યાં સીખી રહી રાજાને ખબર કરીએકે પરદેશી કોઈ બે નાયકા આવીછે તે આપ નામદારની દરબારમાં નૃત્ય તથા ગાયન કળા દર્શાવા માંગેછે એમ કહેવડાવશું.

બજારમાંથી પોષાકો ખરીદી લાવ્યા અને મહા ચતુર વેશ્યાને ત્યાં શીખવાને માટે ગયા. તેઓને આ શીખતાં કંઇ વખત લાગ્યો નહી, કારણ કે તેઓ ગાયનકળા તથા નૃત્યમાં પ્રથમથીજ માહિતગાર હતા, તે છતાં ગુણીકા તરફથી વધારે માહિતી મળવાથી ઉસ્તાદીકામ કરવા લાગ્યા. આ સઘળું માત્ર ૨૦ દીવસમાંજ શીખ્યા. પહેલાંના વીચાર પ્રમાણેજ તેઓ રાજાની કચેરીમાં હુન્નર દર્શાવવાની ખાહેશથી બંને નાયકાને વેશે નૃત્ય તથા ગાયન ત્યાં આગળ શરૂ કીધું. [illegible] કેટલાક ઉસ્તાદો પણ ત્યાં બેઠા હતા [illegible] રાજા. તેઓની નૃત્યકળાની [illegible]

મીલાવતોપર આફરીન થયા, અને તેઓને ઘણા માન પૂર્વક હમેશાં કચેરીમાં આવવાને ફરમાવ્યું. દરબારમાં લગન વગેરે ધામધુમ ચાલી રહી હતી, સ્વયંવરને માત્ર ચારેજ દીવસ આડા હતા. રાજા તે બન્ને નાયકા ઉપર બહુજ પ્રસન્ન થયા અને તેઓ જે માંગે તે આપવાની ખાહેશ જણાવી. તેઓએ બીજું કાંઇ ન માગતાં કહ્યું કે આપ નામદાર શાહેબને જેવી રીતે ખુશી કર્યા તેવી રીતે આપ નામદાર સાહેબની પુત્રીને ખુશી કરવાની ઇચ્છા રાખીએ છએ, કારણકે તે રાજકુંવરી આ દેશાની ફકત ચાર દીવસના પરોણા તરીકે છે

રાજાએ મોટી ખુશી સાથે તેઓને પોતાની પુત્રી આગળ જવાને ફરમાવ્યુ. હુકમ થતાંજ તેઓ બને ત્યાં ગઈ; અને મંજુલા આગળ સર્વે કળા દર્શાવી, તેથી તાણી બેહદ તેઓ ઉપર ખુશી થઇ, ભારે આદરમાન આપ્યું. મંજુલા તેઓ ઉપર પોતાના ખરા દીલથી અત્યંત પ્યાર બતાવતી હતી.

દાસી—બાઇ સાહેબ દરેક રજવાડાના મહારાજા તથા કુંવરો શાહેરમાં આવી પહોચ્યા છે અને તેઓને ઉતારાની સગવડ પણ થઇ ચુકી છે. હવે સ્વયંવરને ફકત બે કલાક બાકી છે, તેથી નાહી ધોઇ સર્વ અલંકાર સજીને તૈયાર થાઓ. (આ વખતે પેલી બે નાયકાઓ ત્યાં હાજર હતી તેથી તેમાં ની એક મોટી જે હતી તે બોલી) કુંવરી સાહેબ, હું આજ તમને મારે હાથે અંગોળ કરૂં, કારણ કે આ તમારી સાથે છેલીજ મુલાકાત છે. તુરતજ તે નાયકાને લઇ કુંવરી હમામખાનામાં ગઈ, ને અંગ ઉપરથી સર્વ પોષાક ઉતારી અંગોળ કરવા બેઠી. સ્નાન કરતી વખતે તે નાયકાએ (જયસીંહે) પેલો હીરાજડીત ગુંઠેલો રૂમાલ પોતાની પાસેથી કહાડી કુંવરીની સમક્ષ દેખાડયો, કુંવરી આ જોતાં આશ્ચર્ય પામી બોલી કે આ હીરાજડીત રૂમાલ તું કયાંથી લાવી, આ વખતે નાયકા (જયસીંહ)એ પોતાનો હાલનો પોષાક ઉતારી નાંખ્યો અને દેહનો પુરૂષ પોષાક જાહેર કીધો.

એમ. જે. પારેખવાળાના સુરત "આદાબક્ષ" છાપાખાનામાં છાપ્યું છે.

કુંવરી બોલી, અરે ! તું કોણ !

જયસીંહ—હું કોણ તે તો તારૂં મનજ કહી આપશે.

મંજુલા—તમો કોના પુત્ર છો. અને કયાંથી આવ્યા તે કહો.

જયસીંહે પોતાનો સઘળો હેવાલ જાહેર કરી કહયું કે તારી સરત પુરી કરવા આ કૃત્ય કર્યું છે. પણ હું તો રાજકુંવર છું માટે તું કાંઇ પણ દીલમાં અંદેશો રાખીશ નહીં.

મંજુલા—મારા વચન પ્રમાણે હમાણાથીજ હું તારી થઈ છુ. તો પણ તમારે આ નાયકાનાજ પોષાકે સ્વયંવરમાં જવું. કારણકે હું તમનેજ વરમાળા આરોપીશ.

જયસીંહ—બહુ સારૂં. હું એજ પોષાકમાં જઈશ. પણ જોજે હો ! ત્યાં તો હજારો દેશ દેશાવરના રાજાઓ એકઠા થયા છે, માટે જેમ નગારા ને નોબતોની ગગડાટમાં તુતુનીનો અવાજ કોણ સાંભળે તેમ કરતી નહી. માટે ચાલ, હું તો જાઉં છું. તું સર્વ અલંકાર સજી જલદીથી આવજે.

મંજુલા સ્નાન કરી રહી સરવે અલંકાર સજી અપ્સરા જેવી બની પોતાના વખતસર સ્વયંવરમાં ગઈ.

પોતાના પીતાને નમન કરી પુસ્પોના હાર હાથમાં લઈ સર્વ નૃપોનાં મુખ જોતી જોતી આગળ ચાલી. હવે તે નાયકા (જયસીંહ) એક સોફા ઉપર બેઠી હતી તેથી મંજુલા ફરતી ફરતી ત્યાં જઈ લાગી; અને વરમાળા તેનેજ (જયસીંહને) આરોપી.

આ દેખાવ જોઇ તમામ રાજવંશીઓ વિસ્મય થયા કે આ નાયકાને વરમાળા આરોપવાનુ કારણ શુ ?

તે નાયકાને (જયસીંહને) જેવી વરમાળા આરોપી કે તરતજ તેને પોતાનો નાયકાનો પોષાક કહાડી નાંખી અસલ

પોશાક જાહેર કીધો; અને સભા વચ્ચે પોતાનું સર્વ વૃતાંત કહી સંભળાવ્યું.

(સ્વયંવરના દરેક માણસો ત્યાં આગળ ગાય છે.)

## ફેરબો

થયો આજ હર્ષ અપાર આનંદ ઉર ભારી રે,
આનંદ ઉર ભારી રે, અમો જઇએ વારી રે—ટેક.
પ્રજા પાળી ભુપાળ ભાવતાં કરો સૌના કાજ,
રામ સરખું રૂડું ચાલે આ નગરીનું રાજ.
નથી થતા અન્યાય શહેરમાં સ્વ હસ્તે શીરતાજ,
સૌને સમ દ્રષ્ટીથી દેખો જુગ જીવો મહારાજ.
મનો કામના પુરણ પુરે, પ્રેમ દીન દયાળ,
અવિચળ આ અવનિમાં રહેજો જયજય મણીગળમાર.

બીજે દીવસે જયસીંહ મંજુલાને તથા ચતુરસીંહને સાથે લેઈ ભારે દબદબાથી કસ્તુરાવતી જઇ પહોંચ્યા, અને ચતુરસીંહના લગ્ન વજીરની છોકરી ચતુરા સાથે કર્યાં અને તેણીને પણ સાથે લેઈ સહીસલામત રીતે પોતાને દેશ જઈ લાગ્યા.

* * * *

જયસીંહ એક દીવસ પોતાના પીતા આગળ જઈ બોલ્યો કે, પીતાજી, બીજા દેશ દેશના રાજાઓને હું તાબે કરવા માગું છું, તેથી આપ જો મને આગ્રા આપો તો હું તેઓને તાબે કરૂં કે જેથી આપણને તેઓ દરેક વરસે ખંડણી ભરે. આ વાત રૂપસીંહને ઠીક લાગી તેથી તેને કેટલુંક લશ્કર આપી વીદાય કીધો. જયસીંહે થોડાક દેશો જીતી તેઓને ખંડીયા કીધા.

જયસીંહ પોતાના પીતાની આગ્નાથી દેશો જીતવા ગયો છે એવી ખબર ચતુરસીંહને હતી નહીં.

પણ જયારે તેને એ વીશેની ખબર પડી કે તુરતજ પોતે તેના મદદે જવા નીકળ્યો.

જયસીંહ બીજા દેશો જીતવા આગળ જતો હતો પણ તેને એક જંગલમાં હરણીને જોઇ તેથી તેના ઉપર તીર

ર્ફ કર્યો કે તરતજ તે હરણી અદ્રશ્ય થઈ ગઈ અને પાછી તેની છેક નજદીક આવી. જયસીંહે ઘણાં ફાંફાં માર્યાં પણ કાંઈ વળ્યું નહી. તેથી એ હરણીને કોઇ પણ રીતે પકડવાના વીચારથી તેની પાછળ લશ્કર સહીત ગયો, પણ દુરથી તેને એક કીલ્લા જેવું મકાન માલમ પડ્યું. તે મકાનમાં આ હરણી ગઈ. જયસીંહ તેની પાછળ પોતાનાં લશ્કર સહિત ગયો. પણ હરણીને બદલે એક ખુબસુરત ઓરત થઇ તેની સામે આવી ઉભી; અને પ્યાર ભરેલા શબ્દોથી તેની સાથે વાતચીત કરી બોલી કે તમને બહુજ થાક લાગ્યો હશે માટે આ મેહેલમાં ચાલો. જયસીંહ મેહુલમાં ગયો અને રસોઈ તૈયાર હતી તેથી બન્ને જણે ભોજન કીધું. તે જાદુગર ઓરત બોલી કે મને નાચવાનો બહુજ શોખ છે અને તમો કાંઈ ગાઓ. પણ એવી સરતે કે જો હું નાચતી બંધ પડું તો તમારે તાબે થાઉં અને મારી જે માલમીલકત તથા જર જવાહીર છે તે સઘળું તમો લેઓ અને જો તમો ગાનાં બંધ પડો તો હું તમને તથા તમારા લશ્કરને ચાહું તે કરી શકું. જયસીંહે તે કબુલ કીધું. તે સ્ત્રીએ તુરતજ નાચની ગત બાંધી અને જયસીંહે ગાવા માંડ્યું. ઘણો વખત વહી ગયો પણ કોઇ બંધ પડ્યુ નહી. એટલામાં જાદુગર સ્ત્રીએ પીઠ પાછળથી નાચવા માંડ્યું કે જયસીંહે ગાયન બંધ કીધું અને નાચતી ધુણમાં પડયો.

આ પ્રમાણે તે સરત હારી ગયો તેથી તેને પથ્થર બનાવી દીધો. પોતાના સરદારને મરણ પામેલો જોઇ તેનું સઘળું લશ્કર નહાસવા લાગ્યું. પણ તે લશ્કરમાંના એક વધારે ઝડપથી ઘણે દુર નીકળી ગયો. જાદુગર ઓરતે તેના લશ્કરને નાસતું જોઇ તે બધાને પણ પથ્થર બનાવ્યા.

હવે પેલા સવારોમાંનો એક જે નહાસી ગયો હતો તે પોતાના રાજાને આ બનાવની ખબર કરવા ગયો. પણ પોતાના ગામના રસ્તામાં મંજુલાની દાસી મળી તેથી તેને તે દાસીને કહ્યું, કે, તારાં બાઇ સાહેબને જઇને ખબર આપ કે જયસીંહ સ્વર્ગવાસ થયા છે. દાસીએ એકદમ દોડતી દોડતી મહેલમાં જઈ મંજુલાને સરવે બીના કહી.

મંજુલા—શું તને બરોબર ખબર છે કે મારાજ પ્રાણ-પતી ?

દાસી - હા બાઈ સાહેબ, આપનાજ પ્રાણપતી.

મંજુલા—હાય હાય ! ત્યારે તો મારે મારા પતિની પાછળ સતી થવું જોઈએ. જલદીથી પુરૂષનો પોષાક લઈ આવ કે તે પોષાક પેહેરી મારા પતી જયાં સ્વર્ગવાસ થયા હોય ત્યાં જઈ સતી થાઉં.

એમ કહી પોતાને કોઈ રાજ્ય મિષ મનુષ્ય નહી ઓળખે માટે પુરૂષનો પોષાક પહેર્યો.

કોઈ રંગડી મરજી કયા જાને—એ રાહ.

મંજુલા—સુણો જગત પીતા છો સુખકારી,
કહી દુઃખ વતિ ને વિચારી,
કરા નાથજી દોષ થકી ન્યારી,
ચરણે આવું જો ચિત્ત ધારી. ટેક—સુણો
સ્વામી મળે તો હું ઉપકારી,
સંસાર થકી હું ના હારી.
નહીં મળીએ જો પ્રિતમ પ્યારી.
નહી વેઠું આ હું કષ્ટ કારી. ટેક—સુણો

એમ બોલી સતીના ધુનમાં ને ધુનમાં મંજુલા ચાલી જાય છે.

હવે ચતુરસીંહ જયસીંહને શોધતો શોધતો ત્યાં આગળ આવી લાગ્યો કે જયાં પેલી જાદુગર સ્ત્રીએ સરવેને પથ્થર બનાવ્યા હતા. જયસીંહને જેવી રીતે લઈ ગઈ હતી તેજ રીતે ચતુરસીંહને પણ લઈ ગઈ અને ભોજન કીધા પછી તેજ પ્રમાણે સરત કીધી કે જો હું નાચતાં બંધ પડું તો હું તારી થઇ રહું એટલે તુ જે કહેશે તે કરીશ, અને આ માલ અસબાબ બધો તારે હવાલે થશે, પરંતુ જો તું ગાતાં બંધ પડે તો હું તને ચાહું તે કરી શકું.

ચતુરસીંહે આ સરત કબુલ કીધી. બંનેનું નાચવું તથા તથા ગાનું શરૂ થયું. ચતુરસીંહ એવો તો તાલમેલ અને તીવ્ર સ્વરથી ગાવા લાગ્યો કે તેણી ભુલમાં તે સાંભળવાને ઉભી રહી, અને આ પ્રમાણે તે જાદુગર સ્ત્રી સરત હારી ગઈ.

ચતુરસીંહે તે સર્વેને પોતાની દયાળી તરીકે કપાળનાં લીધી અને સર્વે પથ્થર પડેલા જોઈ તાપણીને પુછ્યું કે આ પથ્થરો અહીં શાના પડ્યા છે ?

જાદુગર સ્ત્રી—આપણી સરત મુજબ એ સરવે પુરૂષો ગાવામાં હાર્યા છે, તેથી મેં તેઓને જાદુના જોરથી પથ્થર બનાવ્યા છે.

ચતુરસીંહે તે સરવેને સજીવન કરવાનો હુકમ કીધો, કે તરતજ સરવેને સજીવન કીધા. તેમાં જયસીંહ માલમ પડ્યો કે બેઉ મીત્રો તરતજ એકેકને ભેટ્યા, અને બીજા રાજાઓના કુંવરો તથા જયસીંહનું લશ્કર ચતુરસીંહ આગળ આવી તેને સલામ કીધી, અને બોલ્યો કે આ દુઃખમાંથી તેં અમને છોડાવ્યા તેથી તારૂં અહેસાન અમારાથી ભુલાય એમ નથી. તેઓ સરવે પોત પોતાને દેશ વીદાય થયા. ચતુરસીંહ તથા તે જાદુગર સ્ત્રી અને જયસીંહ તથા સરવે લશ્કર ભ-પુર પ્રજાના સહીત પોતાને દેશ જવા નીકળ્યું, પણ રસ્તામાં મંજુલાને મરદને વેશે આવતી જોઈ તેથી જયસીંહ તેણીને ઓળખી બોલ્યો, કે પ્રીયા તું મરદના પોષાકમાં ક્યાં જાય છે?

મંજુલા—હાય ! પ્રીય પ્રાણનાથ ! અરે પ્રભુ આ શું છે ! હું સ્વપનામાં છું કે જાગ્રત ?

જયસીંહ—નહીં પ્યારી, હું પોતેજ છું, તારી સરવે શંકા દુર કર. જરા મારા સામું તો જો ?

મંજુલા—મેં એવું સાંભળ્યું કે તમો કાળવશ થયા છો તેથી હું તમારી પાછળ સતી થવા જતી હતી પણ તમો તો મને જીવતા મળ્યા, માટે ચાલો આપણે દેશ જઈએ.

ઘણા દીવસ જઈ એઓ પોતાના શેહરમાં તેઓ આવી પહોંચ્યા.

રૂપસીંહ પોતાના છોકરાને જોઈ ઘણો ખુસી થયો. જયસીંહે પોતાના બાપ આગળ ચતુરસીંહનું સરવે વૃતાંત કહી સંભળાવ્યું, અને રાજાએ ખુશી થઈ તેને ઘણોજ સર-પાવ આપ્યો. જયસીંહ ઉમર લાયક થયો એટલે રાજાએ પોતાનું રાજ્ય તેને હવાલે કીધું.

સમાપ્ત

# હાથનાં કીધાં હૈયે વાગે!

એક ઉનાળાની સાંજરે કેટલાએક સ્કોટલાંડનાં ભરવાડો એક ટેકરી ઉપર એકઠા મળીને તેઓનાં ગેટાંનુ ઉન કાતરવાની અને તેને એડીનબર્ગમાં લઇ જઈને વેચવાની વાત કરતા હતા. રાત પડવા આવી હતી તેથી તે બાજુએનાં પહાડોનો દેખાવ ભયંકર લાગતો હતો.

એકાએક પગલાઓનો અવાજ આવ્યો તેથી તેઓએ ફરીને જોયુ તો એક ભરવાડ પોતાના કુતરા સાથે એક મોટું ગેટાનુ ટોળું લઇ આવતો હતો, અને તે કુતરો તે ગેટાંઓને હંકારતો હતો.

તે ભરવાડોમાંનો એક બોલ્યો "જુઓ, તે કુતરો કેવી સારી રીતે તે ગેટાંઓને દોરવી લઇ જાયછે! ખરેખર, આપણો દરેક કુતરો આપણા જેવા દસ ભરવાડની બરાબર છે અને તેઓ વગર આપણું જીવતર નકામું થઈ પડે. આપણે ઇશ્વરનો ઉપકાર માનવો જોઈએ કે તેણે આપણને આવા નીમકહલાલ ચાકરોઆપેલાછે"

તેઓમાંનાં એક સૌથી મોટાએ કહ્યુ "તે વાતતો ખરી, પણ તેમાં એક વાતે આપણુનેજ ગેરફાયદોછે, કારણકે એ મસે બીજા કુતરાઓ–આપણા ગેટાંને ચોરી જાય—કે જેઓને ગેટાં ચોરનાર કુતરા કરીને કહે છે."

પેહલાએ પુછયું, "શું ત્યારે ગેટાં ચોરનાર કુતરાઓને વાસ્તે જે વાત કેહવાયછી છે તે શુ ખરી છે? કોઈ દહાડો તેથી તમને નુકસાન તો થયુ નથીની?"

'તેતો તમે ડીકસન અથવા સ્તીલને પુછી જુઓ કે જેઓ બાપડાએ આસરે પચાશેક ગેટા ખોયાં હોશે."

"પણ તે લુચ્ચા ચોરો કયા ભરાઈ રેહેતા હશે?"

"તેતો સેતાન જાણે. હું કંઈ પણ કહી સકતો નથી. પણ તમે પહાડપર અનજાણ્યા માણસોને ઘોડે બેસી સાથે કાળા કુતરા લઇને જતાં તો જોયા હશે?"

"હા, પણ મેં કાંઇ તેઓની સાથે ગેટાં તો જોયાં નથી."

"અરે તેમી શોધી કાઢવાનું કાંઈ મુસ્કેલ નથી. તેઓ પોતાનાં કુતરાઓને ટેકરી ઉપરથી. છુટાં પડેલાં ગેટાંઓને એકઠાં કરવાનો હુકમ આપે છે અને તે કુતરાઓ તે ગેટાંઓને એકઠાં

કરી પહાડની ખીનમાંથી કોઈ નહીં જાણે તેમ છુપે રસ્તે દોરવી લઈ મુકરર જગ્યાએ જાય છે."

"ત્યારે તો કુતરાઓ માણસનાં જેવાં અક્કલવાળાં છે! આપણામાંનો કોઈપણ આપણા કુતરાને એવી રીતે સીખવી શકશે!"

એક જુવાન માણસ કે જે આટલા વખત સુધી ચુપ ઉભો રહયો હતો તે આ સાંભળીને હસ્યો.

તે બોલ્યો, "હું મારા કુતરાને તે પ્રમાણે સીખવી શકુંચ. કેમકે એક સારો કેળવનાર પોતાના કુતરાંને જેવી ગમે તેવી રીતે હુકમમાં રાખી શકે."

આ સાંભળીને બીજા ભરવાડો બોલ્યા, "પણ આ ઘેટાં ચોરનાર કુતરાની માફક તો નહીંજ કેળવી શકે, કારણકે તેઓને તો સેતાનજ મદદ કરેચ."

આ સાંભળીને ટાબીએ ડોકું હલાવ્યું. તે બોલ્યો, "હું એક કાળા કુતરાને કેળવું પછી તમે જો જો કે હું પણ એક હોસ્યાર કેળવનાર છુ."

બીજા ભરવાડોએ તેની મસ્કેરી કીધી અને તેઓનો રસ્તો આગળ લીધો. ટાબી જયાં હતો ત્યાંજ ઉભો રહયો અને જ્યારે તે ભરવાડો નજર આગળથી ગુમ થયા ત્યારે તેને પોતાના કુતરાને સીસોટી મારી બોલાવ્યો અને તેની સાથે ચાલવા માડયું. તે મનસે બબડયો કે "વારૂ હું જોઈ લઈશ."

ટાબી એક ઘણા મગરૂર સ્વભાવનો માણસ હતો અને કંઈ પણ વાત ભુલી જતો નહોતો. અને જે કોઇબી તેના વીચારની વીરૂધ જતું તેનો તે અદેખો હતો. તેમજ જે કાંઇ તે કરવા ધારતો તે ગમે સારી કે માઠી રીતે પણ પાર ઉતારતો પછી તેનું પરીણામ ગમે તે આવે.

આપણે ઉપર જે વાત કહી ગયા તેને કેટલાક મહીના વહી ગયા હતા. એક દહાડે ટાબી અને બીજા ભરવાડો એક ટેકરી ઉપર ઊભેલા હતા તેવામાં સ્કોટ હાફતો હાંફતો ત્યાં આવી બોલ્યો.

તે બોલ્યો, "ચોર, ચોર આવ્યો છે. મારાં ગેટાંમાંથી પદર ગેટાં આજે ચોરાયાં છે!"

સઘળા ભરવાડો અજાયબીથી એક અવાજે બોલ્યા, "શું, ચોર?" અને પુછ્યું કે તે "કયારે ચોરાયાં?"

સ્કોટે જવાબ દીધો, "હમણાંજ એક કલાકની વાત ઉપરજ હું તેઓને સહવારનાં ચરાવા લઈ ગયો હતો ત્યારે તો બધાં હતાં.

અને હમણાં એક કલાક ઉપર એટલાં કરતી વખતે તો ઊંચ ને પદર ગેટા મળે નહીં."

તે ભરવાડો એક બીજા તરફ ગભરાટમાં જોવા લાગ્યા.

તેઓમાંનો એક બોલ્યો, "આતો ધોળે દીવસે ચોરી થઈ જો એમજ થાય તો આપણે આપણો ધંધો છોડી દેવો પડશે."

ત્યારે ટોમી અજાણ્યો થઈ બોલ્યો, "આ ચોર બધા કરતાં વધારે લુચ્ચો અને ચપળ દેખાય છે. સ્કોત તો કેહતો હતો કે કોઈ માણસ તે ચોરોની માફક પોતાનાં કુતરાને સીખવી શકે નહીં. કેમ ખરુંને સ્કોત, એ કામ તો મારા કુતરા સીરાહે કીધું છે."

તે ભરવાડો એકદમ અજાયબ થયા.

"અને આ વખત" ટોમી બોલ્યો, "તમારાં ગેટાં ત્યાંથી નાગુ માર્કસ ઉપર બ્લેકફીલ્ડ આગળ છે."

"શું ખરી વાત છે!" સઘળાઓએ પુછ્યું.

ટોમી તેઓની સાથે ગયો અને તે જગ્યાએ સીરાહને તે ગેટાંઓ સાથે વાડની આગળ ઉભેલો જોયો.

ટોમી બોલ્યો, "કેમ જોન, તું હજી એમજ ધારશ કે સેતાન સીવાય કોઈ પણ પોતાનાં કુતરાને એવી રીતે શીખવી શકે નહીં."

સ્કોટે કહ્યું, "હું એમજ ધારુંછ, કારણકે સેતાન સીવાય કોઈ બીજાએ તને તેમજ તારા કુતરાને એ પ્રમાણે કેળવતા સીખવ્યો હોય એમ હું જાણતો નથી. કોઈ પણ ખરાબ કામ કરવાની શક્તી મેળવવી એતો સેતાનને વાસ્તે પણ ઠીક નથી."

"પણ તમે એમ તો કબુલ કરોછ ખરા કેની" ટોમી મોટેથી બોલ્યો, "કે હું કુતરાને કેમ કેળવવાં તે બરાબર જાણુંછું, અને સીરાહે જે લાલ ઈનામ મેળવ્યું છે તેને તે લાયક છે."

તે ભરવાડે કહ્યું, "ટોમી, તું હવે એ તારા કુતરાને વેચી નાંખસે તો ઠીક છે."

ટોમી બોલ્યો, "શું વેચી નાખું! શામાટે હું મારા આવા સરસ કુતરાને વેચી નાંખું?"

સ્કોત બોલ્યો, "કારણકે, લુચ્ચા ચાકરોથી કદાચ આપણને પણ તેની લુચ્ચાઈનો લાભ લેવાની લાલચ થાય, અને આપણે તેને બદલે કદાચ ખમવું પડે."

ટોબીએ આ સાંભળીને ગુસ્સાથી કહ્યું. "જા, જા બાપુ; તારૂં ભાનરયું ખસી ગયુંચ શું!" કુતરા તરફ ફરી "સીશાહ, એમના ગેટાંને પાછા લઈ જા."

એમ તેને પોતાના કુતરાને કહ્યુ કે તે કુતરો તે ગેટાંઓને પાછાં તેનાં ટોળાં આગળ લઈ ગયો.

આ વાત આખા ગામમાં ફેલાઇ કે ટોબી પાસે એક એવો કુતરો છે કે જે ગેટાં ચોરે છે. ત્યારે બીજાઓ બોલ્યા કે હવે આપણે એની ઉપર નજર રાખવી પડશે, પણ ટોબીતો એક પ્રમાણીક માણસ છે.

પછી બીજી જે ચોરીઓ થતી તે ઉપરથી તેઓનો શક ટોબી ઊપર મજબુત થયો અને ટોબીને તેઓ ચોર ધારવા લાગ્યા.

આ વાતથી ટોબીની આબરૂને નુકસાન પોંહચ્યું. તેના દોસ્તદારોએ તેને કુતરો કાઢી નાખવાનું સમજાવ્યું, પણ તેના ઊદ્ધત સ્વભાવે લેખે કોઇનું પણ સાંભળ્યું નહીં, અને જ્યાં તે જતો ત્યા સાથેનો સાથે કુતરાને લઇ જતો હતો, જેથી લોકોએ એનેજ ચોર ધારયો. તેનાં દોસ્તદારો તેને છોડી ગયા અને તે એકલો પડયો, તોપણ તેને તે કુતરાને કહાડયો નહીં. તે ગમગીન દેખાતો, અને આખો દહાડો પોતાના કુતરા સાથે એકલો પહાડ ઉપર ગાળતો. ભરવાડો ઉપર તે ઘણોજ ગુસ્સે થઈને મનમાં વેર લેવાને બળ્યા કરતો હતો, કારણકે તે નીરદોષ હતો.

તે મન સાથે વીચાર કરવા લાગ્યો કે જ્યારે લોક મને ચોરજ ધારે છે ત્યારે નીરદોષ રેહવામાં શું ફાયદો? શું મને વગરએને દેવ આટલું ખમવુ નથી પડયું? ત્યારે શા વાસ્તે હું ચોર નહી થાવું? કારણ કે તેમ થવાથી મને ફાયદો થશે, અને મારૂં વેર પણ વલશે.

એક ઉનાંલાની સાંજરે ટોબી ઘોડે બેસીને સ્તરલીંગ તરફ જવા પોતાને ઘેરથી ઊપડયો. તે સાજરે પવન ઘણો જોરમાં ફુકતો હતો અને તોફાન સખત થશે એવું લાગતું હતું, તેથી ટોબીએ વીચારયું કે આ વખતે ગેટાં ચોરવાનો લાગ ઠીક છે, અને તેથી તેને તેનાં કુતરાને આગલથીજ ગેટાં ચોરવાને અને ત્રણેક ગાઊ દુર એક પહાડ નજદીક લઈ આવવાને કહ્યું હતું. તેને વીચારયું કે જો તોફાન થસે તો ભરવાડો હું અને મારો કુતરો કયાં છે તેની કસી પણ દરકાર કરશે નહીં. અને તેઓ કદાચ જાણશે કે ગેટાં ચોરાયાંચ પણ તે પહેલાં તો હું સહી સલામત પહોંચી જઇશ અને તોફાનમાં મારી કોઈ પુઠ પણ પકડશે નહીં.

તેને ફતેહની પુરેપુરી આસા હતી.

તે મુકરર કરેલાં જગ્યાએ પહાડ નીચે જઇ પહોંચ્યો કે તેને સામી બાજુએથી ઘણા પગલાંનો અવાજ સંભળાયો, અને જોય શું તો તેનો કુતરો નજદીક બસેં ગેટાંને ચોરી લાવયો હતો.

આટલા બધાં ગેટાં જોઇને ટોબીના દીલમાં ધાસ્તી પેઠી. આટલો વખત અગાઉ તો તે ફકત ચોરી કરવાના વીચારમાં હતો, પણ જયારે તેને તે કામ કીધુ ત્યારે તે હીમત હારી ગયો. તેનાંમાં જે ઉમદા સ્વભાવ હતો તે બાહર આવ્યો, અને હવે શુ થશે તે વીચારથી તે ધ્રુજવા લાગ્યો. તેને પાછા ફરવાનો વીચાર કીધો પણ તેને જાણ્યું કે તેની આ ચોરી અત્યાર સુધીમાં તો જાહેર થઇ હશે.

આ વખતે બરફ પડવા માંડયું હતુ. તેને પોતાનાં કુતરાને તે ગેટાં વીખેરી નાંખવાને હુકમ કીધો, અને પોતે ઘણો જોસમાં ઘોડો હાંકીને આગલ ચાલ્યો.

ત્રણેક માઇલ ચાલ્યા પછી તેને પોતાના ઘોડાને થોભાવ્યો, કારણ કે તે ઘણો થાકી ગયો હતો. તે થોડીક વાર થોભ્યો નહી હ-શે તેટલાં તેને કંઈ પગલાંનો અવાજ સભલાયો. તે ધાર્યોકે કોઈ પાછલ લાગ્યુ હશે, પણ વધારે ધ્યાનથી સાંભલતાં તો તેને ઘણાં પગલાં સંભલાયાં, અને તે કાંઇ ઘોડાના નહોતા.

રાત પડી ગઇ અને ઘણું અંધારૂ થઇ ગયું હતુ, અને તેને જોયું તો તેનો સોરાહ બધાં ગેટાંને લઇને આવ્યો હતો. તેના શેઠનાં ગયા પછી તે કુતરાએ તે ગેટાંઓ પાછા એકઠાં કરીને દો-ડાવી દોડાવતો પોતાનાં શેઠને પગલે પગલે આવ્યો હતો.

ટોબી આ જોઇને સ્તબ્ધ થઈ ગયો. તે ઘોડાપરથી નીચે ઉતરયો, ને ગેટાંઓને વીખેરી નાંખ્યાં. કુતરાને જીન સાથે સાંક-લથી બાંધ્યો અને આગળ ચાલ્યો. પણ એક માઇલ ગયો નહી હશે એટલામાં તે કુતરો સાંકલ તોડાવીને અંધારામાં કોણ જાણે ક્યાં ગુમ થઇ ગયો. ટોબીને ખાતરી હતી કે તે ગેટાંની પા છલજ ગયો હશે. તે કુતરાને પાછો પકડવો અને મરવા જવું એ તે વખતે બરાબર હતું, તેથી તેને પોતાનો ઘોડો એવા રસ્તાપર ફેરવ્યો કે જે તે કુતરો જાણતો ન હતો અને તેને ભુલો પાડવાને તે બે નાળાં પણ ઓલંગી સહવાર પડતાં તે સ્તરલીંબ પહોંચ્યો.

ઘણો થાકી ગયો હતો તેથી તે એક ઉતારૂખાંનામાં ગયો અને નાસ્તો લાવવા હુકમ કીધો, અને તે ખાવા માંડયો, કે તેટલાં

એકાએક કોઈએ તેનું નામ પોકારયું તેથી તે ચોંકયો અને ફરીને જોય શું તો તેના દોસ્તદાર થોમસનને જોયો, કે જે સ્તરલીંગ માંજ રેહતો હતો.

થોમસને પુછયું, "કેમ, તમે કયારના આ શેહેરમાં આવ્યા?'

તેને કહ્યું. "એક કલાક થયોજ આવ્યોચ."

પછી થોમસને ગામનો સઘળો હેવાલ પુછયો અને પોતાની ટેબલ ઉપર ટોમીને તેડયો કે જયાં એક વકીલ, એક વેપારી, અને બીજા કેટલાક માણસો સાથેજ નાસ્તો કરતા બેઠેલા હતા.

ટોમીએ આનાંકાનીતો ઘણી કીધી, પણ થોમસનની ઓહોદ્દા આગળ તેનુ કશું ચાલ્યું નહી. અને થોમસન જે સારૂં ખાનું ખાતો હતો તે સાથે ટોબીને પણ જમવા કહ્યું. જે સાંભલી થોમસન આગળ બેઠેલો એક વેપારી બોલ્યો કે "એ પાહડી રેહવાસીઓ કદી પણ સારૂં ખાતા નથી."

ત્યારે બીજો જે વકીલ હતો તે બોલ્યો કે, "એ પહાડી રહેવાસીઓ હજુ સુધી સુધારામાં ઘણા પાછલ છે. તેઓ એટલાતો જંગલી છે કે તેઓ કદી પણ દોરટે ચહડી પોતાના નુકસાનની દાદ માંગતા નથી, અને તેઓનાં ગામમાં વકીલતો જરૂર ભુખે મરતા હશે."

પેલો વેપારી બોલયો કે, "એ પહાડી લોકો પોતાનાં ધંધ સીવાય કોઇ બીજો ધંધો કરતા નથી. આજેજ એક મારો બાગયો હીંદુસ્તાન જવાને વાસ્તે માણસની સોધમાં છે. મેં તેની ઉપર વીસ માણુસોતો મોકલી આપ્યાં છે. સઘલા માણુસોને કમ્પની તરફથી મોકલવાનાં છે, અને તેઓને દસ વરસ સુધી વીસ પાઊંડ લેખે દર મહીને મલ્યા કરસે. પણ તે માણુસો જુવાન, સારી ચાલના અને પ્રમાણીક હોવા જોઇએ."

થોમસને ટોબી તરફ ફરી કહ્યું, "કેમ, તને જવા ગમેચ?"

વકીલ વચ્ચે બોલ્યો, "શુ એ પાહડી લોક જાય? કદી નહિં! એ લોકો તો ગેટાંને એટલાંતો ચાહેચ કે જેમ નાદાન બચ્ચાં પોતાની માતાના કપડાંના છેડાને વલગી રેહેચ તેમજ એ લોકો તેઓના ગેટાંને વલગી રેહચ."

ટોમીએ કહયું. "હું સાબેત કરવાને તેયાર છુ કે એ વાત ખોટી છે. હું જવાને તૈયાર છું."

તે વેપારી બોલ્યો, "પણ સઘલો સરમામાન લેવાને દરેક માણુસ પાસે પહેલાં ત્રીસગીની લેવામાં આવેચ."

તે વકીલ બોલ્યો "શું ત્રીસ ગીની! અરે એવા પાહડી પાસે એક દોકડીયું રોકડું મલે નહી.

તે વેપારી ટોબી તરફ ફરયો અને બોલ્યો, "શું તમારી પાસે ત્રીસ ગીની છે?"

ટોબીએ કહ્યું, "નહી."

તે આમ બોલતો હતો તેટલામાં તે હોટલવાળાએ આવીને કહ્યું કે તમારૂં ગેટાંનું ટોળું આવ્યું છે.

ટોબીએ કહ્યું, "મારૂં ટોળું!"

થોમસને બારીકીથી જોયું અને ટોબીના કુતરાને ઓળખ્યો.

ટોબી બારી આગળ ગયો, અને પોતાના કુતરાને પેલાં ગેટાંઓ સાથ નીચે ઉભેલો જોયો.

હવે વાત એટલી વધી ગઇ હતી કે તે ગુન્હો તેને કીધો નથી એમ સાબેત થઈ શકે એમ નહોતું. તેને તે ગુન્હામાંથી છટકવાનું ઘણું પણ કર્યું હતું પણ તેની મરજી ઉપરાંત તે ગુન્હો થયો હતો. હવે તેનાંથી લાલચની સામે ટકી શકાયું નહી, અને જ્યારે પેલા વકીલે પુછ્યું કે "આ કોનનાં ગેટાં છે," ત્યારે ટોબીએ કહ્યું કે "મારા છે, કારણકે તે મારા કાકાના ગેટાં મને વારસામાં મળ્યાં છે."

પેલા વેપારીએ કહ્યું "શા માટે તું ત્યારે એ ગેટાંને વેચીને હીંદુસ્તાન નથી જતો?"

એક ખેડુત જે ત્યાં હતો તેને કહ્યું, "જો તારી ખુશી હોય તો હું તારાં ગેટાંને ખરીદ કરૂં, અને સઘળા પૈસા રોકડા આપું."

ટોબીએ તેની સાથે સાદું નક્કી કીધું.

તેને લે રૂપ્યા લીધા અને તે વેપારીને કહ્યું કે "હવે મને આજનો આજ ઇંગલંડ મોકલી દે, મારી પાસે પૈસા તઈયાર છે, અને ત્યાંથી હું હીંદુસ્તાન જઈશ."

ટોબી તેજ સાંજે ઉપડતો હતો, પણ પેલું પાપ ઘણોવાર ટક્યું નહી. ટોબીની ચોરી જણાઈ આવી, અને જે પળે તે હીંદુસ્તાન જતો હતો તેજ પળે તેને પકડવામાં આવ્યો.

તેને સ્કોટલાંડ પાછો લાવ્યા, અને ત્યાં તેની તપાસ ચાલી, અને તે વખતનાં સખત ધારા મુજબ તેને ફાંસીની સજા થઈ

જે વખતે આ સજા બજાવવામાં આવી તે વખતે સ્કોટે પોતાના બન્ને હાથ જોડયા અને આંખમાં આંસુ સાથે બોલ્યો, "અરે ટોબી, મેં તને કહ્યુંજ હતું કે મશ્કેરીમાં પણ કોઇને ખરાબ કામ કરતાં સીખવવું નહી જોઇએ, કારણ કે વખતે તેજ ભુંડા ચ કરીથી આપણને ખમવું પડે છે!"

તે કુતરાને પણ મારી નાખવામાં આવ્યો, અને આ પ્રમાણે શેઠ અને ચાકર (કુતરો) બન્નેનો અંત આવ્યો.

# બેરામશાની બેલીગુરદઇ.

બેરામશા બેલીગુરદા જેવનને છાંટા પાણી તેમજ 'ફકવા' ના ધંધા માટે દાલે દીઠું વેર હતું; અને આ તેમના ચાલાક હુન્નર માટે તેવણને ભલભલી નોકરી-ચાકરીએથી નાલીએર મળ્યું હતુ. જો કે આગલ તેવણે ડ્રાઈવર તેમજ ફાયરમેનની સારી નોકરી બજાવી હતી, તેથી દરેક સાથે સારી ઓલખાણ પડી ગઈ હતી; પણ પોતાના કમનસીબ દિવસથી જયારે આય લબ લાગો ત્યારથી તેવણને પોતાની નોકરીને છેલ્લી સલામ કરવી પડી.

સુરત આવી રહયા પછી જ્યારે પોતાની પુંજીનો આંકો આવવા લાગ્યો ત્યારે એક દિવસ છેલ્લી મેલગાહ પોતાના ખાસ મીત્રો સાથે કરી આવવાનુ આપણા બેરામશાનુ મન થયું. આ મમાલ્લે મીત્રો કબુલ થયા, અને શુભ દીવસ જોઈ આ સાત આઠની ટોલકી પોતા જોગી મતા લઈ ખાનીપીનીને નામે નવસારી તરફ ઉપડી.

નવસારી આવતાં રસ્તામાં તેઓએ બેરામશાને તાજો જોઈ ચીરવાનો મનસુબો કરી ઠેઠ નવસારી ઊતર્યા ખરા.

જતાં વાર પોતાનો ધંધો ચાલુ કરવાના ઇરાદાથી સઘળાઓએ હોટેલમાંજ ઉતરવાનો ઈરાદો કીધો કે જેથી તેઓ સઘળાઓ રાંધવા સીધવા કે કશા પણ કામમાં રોકાય નહિ

શુભ મુહુર્ત જોઈ પોતાનું કામ ચાલુ કીધું જેમાં બેરામશા આગેવાન હતા. સઘળાઓએ આ તાજા બીલ્લુને તેની શરૂઆતમાં ન ચીરતાં તેને સામી લાલચ આપી આ પેહેલા દિવસની રમત ખુસી ખુરમીના સેવટસાથે ખતમ કીધી.

બેરામશા જો કે આજની રમતથી તાજા થયા હતા. તેનાઓએ પોતાનો અભિપ્રાય આપ્યો કે "ચાલો ડીઅર, આજે આપરે ખજુરામાં જઇ આવીએ." સઘળાઓએ કબુલ કીધું; ને સાંહુજની શીતળ હવા ઘેરતાં પોતા સાથે ગ-

જઈ લઈને એક ખજુરા આગલ આવી પોંહચ્યા, કે જયાં બેરામશાનાજ ખરચનો મારો હતો. સમો સાંહજની વખત થતાં તેઓ પાછા હોટેલમાં આવી પુગા. અને ખાનાને પુરતો ઈનશાફ આપી આખા દિવસના થાકેલા હોવાથી પોત પોતાની જગ્યાએ આરામ લીધો.

બીજા દિવસની સવાર પડી. આ દિવસ કે જે તેઓની સોહલગાનો છેલ્લો દિવસ હતો, કારણ રાત થતાં તેઓ સુરત પાછા ફરવાના હતા. ચાહ નાસ્તો કર્યા બાદ આ ટોલકીએ પોતાનુ કામ બરાબર નવ કલાકે ચાલુ કીધું. બેરામશા કે જેઓનો આજે કમબખ્ત દિવસ હતો, તે વગર આંચકે ભારી દાવ લગાવતો ગયો; અને બપોરના ખાનાની વખત થતાં પોતાનો અરધો અરધ ગલ્લો ગુમાવી બેઠો.

ખાના પછી બરાબર બે કલાકે પોતાના ધંધાને ઇનશાફ આપ્યો. લાંબા લાંબા દાવ ચાલતાં કમનસીબ બેરામ બરાબર ચાર કલાકના અરસામાં પોતાનુ સર્વસ્વ ગુમાવી બેઠો. આ સઘળો વખત જોકે સઘળાઓએ બહુજ મીઠા શબ્દોથી કામ ચલાવ્યું હતું.

સાંહજનો સમય થયો એટલે સઘળાઓએ ફરવા જવાની તૈયારી કરવા માંડી. આ વખતે બેરામશાના મોંહનો ઘોલરો ચઢી ગયો હતો જેથી તેને તેઓ સાથે જવાની ના પાડી, જેના સબબમાં એમ જણાવ્યું કે આજ દીને મારૂં માથું બહુ જ દુખે છે, માટે માફ કરો. સઘલાઓએ આ ઠીક ચોકસ ગોઠવાયલું જોઈ ફરવા ગયા તે તે રાતે પાછા ફર્યાજ નહિં. આ કમનસીબ બેરામશાએ સાત વાગ્યા સૂધી રાહ જોઈ હોટેલવાલાને ફરવા જવાનું બાહનું કાહાડી બાહરો બાહાર સ્ટેશન તરફનો રસ્તો લીધો,

સુરત પાછા ફરવાના 'રેલવેફેર' માટે પણ પોતા પાસ કોડી ન રહેલી જોઈ વગર વિચારે પોતે સ્ટેશન તરફનો રસ્તો

લાઈકતપર અફસોસ કરી ત્યાંજ રહી વળી કોઇને ફસાવવા ધાર્યું.

તે પોતાની નેમમાં પાર પડયો. આગળ જ્યારે પોતે ડ્રાઇવરની નોકરીએ હતો ત્યારે એને સારા સારા જવાન્યાઓ-સે પીછાણ હતી તે માંહેલો એક નિર્દોષ જવાન કે જેનું નામ ફકીર હતું, કે જે બીચારો કાલ સવારથીજ પોતાની નોકરીપર લાગુ પડવાનો હતો તેને ફસાવવા ધાર્યું; અને તેને નીચમાં નીચ આગાળી એવો તો પાણી કરી નાંખ્યો કે અંતે બાપડો આ પાપીની જાળમાં લાલચનો માર્યો તરતજ ફસી પડયો.

" કેમ ફકીર ફકી." બેરામશાએ મલવાની સાથે સેકહેન્ડ કરતાં કહ્યું " આય શું નોકરીએ? કંઇ ખાનદાનને એમ બેઆબ લગાડવા બેઠો છ કે શું? આરી વીસ પચીસ રૂપડીની તે નોકરી! શરમ છે, નાપાક! મને તો જગાતએ. મને તો એવું થાય છે કે તુને સુઝ શું પડયું? આલાની અત્તર ઘડી હું તને ઉપર) સોની નોકરી તો ઉભા ઉભા અપાઉં કે જે મારી ધ્યાનમાં છે. તે તીજરી આપ સુરતમાંજ. ચાલ ઝડપ કર વેક શું મરછ કે? હો તો હુમાણા મારી સાથે આવ, હું તુને સેટલ કરાવી આપુ પછી તારે ગમે તો દમની ટ્રેનમાં હ્યાં પાછો આવજે." એવી એવી ફરમાઈ સમજાવતથી તેને અંતે કબુલ કીધું ત્યારે બેરામશાએ કહ્યું, "ચાલ વેક, જલદી કર, ટીકીટ લે, સાથે લાગુ મારી લેતો આવજે."

બોલો ફકી આ પાપી તેમજ છાકટની બાહરને ખરી સહૂમજ તુરત ઉઠનો કે ટીકીટ લઇ આવ્યો અને મુંગે મોહ કે સેકન્ડ કલાસમાં ભરાઇ બેઠા. ટ્રેન ચાલુ થઇ. રસ્તામાં તેઓએ તરેહવારવાર ગપાટા હાંકવા માંડયા જોકે બેરામશા તો પોતે શું હજી ચપળતા વાપડતી તેના વિચારમાં ને વિચારમાં રસ્તો પસાર કીધો. અડધા કલાકમાં ગાડી સુરત આવી ...ગમ-ફકી બાહાર નીકળ્યા અને બેરામે ફકીને

સામી બાંકપર બેસવા ફરમાવ્યુ, અને કહ્યુ કે "ડીઅર, તું બેસ, હું સ્ટેશન માસ્તરને તારી સનમુખ લાવી બે ચાર બોલ કહીશ." ઉપલા બોલ બોલી બેરામશા તરતજ પ્લાટફોર્મ પરથી નીચે ઉતર્યો અને દાદર પસાર કરી પોતે નીરાંતથી ઘર જઈ સુતો, જ્યારે ભોલો ફલી બાંકપરજ હાથ ઘસ્તો બેસી રહયો, અને દસની ત્રેન આવતાં સુધી રાહ જોઈ.

## લુગડાં ઉપર નામ પાડવાની કદી નહી નીકલે તેવી લાલ રંગની શાહી.

જેની બરોબરી થઈ શકે નહીં એવી માહીયાર્સ રેડમારકીંગ ઈંકનાં નામ અથવા નિશાણી જે કપડાં ઉપર લખ્યાં હોય તો કદી પણ જતાં નથી, તેમજ છેકાઈ પણ જતાં નથી. એ પાણીની બનેલી છે અને જે કપડાં ઉપર નામ લખ્યાં હોય, તે કપડાંને જરા પણ અસ્નવળ પોંચતી નથી. નામ પાડેલું કપડું ધોબીને ત્યાં ધોવાયા પછી નામ લાલરંગનાં થઈ જાય છે. એક બાટલીમાં અડધો આઊંસ સાહી રાખવામાં આવી છે. તેમજ એની કીમત પણ ઘણીજ ઓછી રાખવામાં આવીછે. માત્ર છ આના. ગ્રાહકને અરજ કરવામાં આવેછે કે બાટલી ઉપર મારૂં નામ 'માહીયાર્સ' જોઈ લેવું. એક વખત વાપરવાથી ખાત્રી થશે. એક બાટલીથી વરસો સુધીની નિરાંત થાય છે. એ બાટલી હિંદુસ્તાનના દરેક મોટા દુકાનદારની પાસેથી મળશે. તથા નીચલે ઠેકાણે પણ મલશે

વેપારીઓને મહીયારજી રતનજી ગાડીયાલી વડોદરા ચીમનાબાઈ ટાવર.

**વેચનાર એમ. જે. પોસ્તવાલા, નાણાવટ સુરત.**

---

અમારા કારખાનામાં કશુંબી ઝીણી બાંધણીના ફુલવાડીના શાડલા, ચોરશા, ફેંટા, અને એક પનાની સાડીઓ બાંધણીમાં રંગમાં ઘણીજ ઊંચી ને સારી કારીગરીથી કરવામાં આવેછે માટે પરદેશવાલા ગ્રાહકોએ એકવાર મંગાવી અમારા માલની ખાત્રી કરવી કીમત વિશે રીપલાઈ કાર્ડથી પુછવું. જથાબંધ રાખનારને કમીશન મલશે.

**કરશનજી પીતાંબર લીંબડી કાઠીયાવાડ.**